

અધ્યાત્મ

વર્ષ : ૨૧
ઓગસ્ટ–૨૦૦૦
અંક : ૧૧

* વિષયાસક્તિ દૂર કરવા શું કરવું? *

વિષયાસક્તિ અને ભ્રાંતિને દૂર કરવા મનને ભક્તિમાં લગાડવું જોઈએ. ભક્તિના સમજપૂર્વકના સેવનથી અને વૈરાગ્યભાવથી મન ધીમે ધીમે વશ થાય છે. એ ઉપરાંત ભગવાનની કથાવાર્તાઓના શ્રવણથી પણ એ દિશામાં મદદ મળે છે. જેને યોગમાર્ગમાં રુચિ હોય તે યોગના અભ્યાસક્રમનો આધાર લઈને આગળ વધી શકે છે. જ્ઞાન, ભક્તિ કે યોગ ગમે તે સાધનવિશેષનો આધાર લેવામાં આવે તો પણ જીવનને જેટલું બને તેટલું સદ્‌ગુણી, શુદ્ધ અને સાત્ત્વિક કરવાનું ધ્યાન રાખવું જોઈએ.

આત્મસાક્ષાત્કારને માટે વિશુદ્ધ જીવનવ્યવહારનાં કેટલાંક આવશ્યક અંગો પ્રત્યે મહર્ષિ કપિલ અંગુલિનિર્દેશ કરતાં કહે છે કે સાધકે સત્સંગની રુચિ રાખવી, સર્વ પ્રાણીઓ પ્રત્યે સમભાવ રાખવો, સંગદોષથી બચવું, વેર-ભાવ ના રાખવો, બ્રહ્મચર્ય પાળવું, મૌન સેવવું, ઈશ્વરાર્પણ-ભાવથી સ્વધર્મનું પાલન કરવું, સંતોષી બનવું, પોતાની પરિસ્થિતિ વિશે નિરર્થક બડબડાટ કરીને દુઃખી કે બેચેન ના થવું, મિતાહાર અને એકાંતનો અનુરાગ રાખવો, મનન-શીલ થવું, શાંતિ જાળવવી, સર્વ પ્રત્યે મિત્રતા અને કરુણા રાખવી, જીતેન્દ્રિય થવાનો પ્રયત્ન કરવો, પોતાના શરીરની અને પરિવારની મમતાનો પરિત્યાગ કરવો અને પુરુષ તથા પ્રકૃતિનું જ્ઞાન મેળવવું.

યોગેશ્વરજી

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી

જન્મ : ૧૫-૮-૧૯૨૧

નિર્વાણ : ૧૮-૩-૧૯૮૪

* સંતવાણી *

રાધા, તું તો રસની રેલ,
રસ ન ખૂટે પીઉં પીઉં પરંતુ પૂર્ણભરેલ. રાધા૦

વાદળી આષાઢની, શો લચમચે છે દેહ,
પૂર્ણિમાઓ પ્રાણને કરનાર પ્રેમે એક. રાધા૦

ગોરસી ગોરસ છલી, અમૃતભરેલી હેલ,
બંસરીથીયે વધારે મિષ્ટ પ્રેમભરેલ. રાધા૦

શ્યામલની મીન, ત્રિભુવન અખિલની બસ એક,
રાધિકા ઓ રાધિકા, તું ખરે રસની રેલ. રાધા૦

ના મળે વૈકુંઠમાં આ રસ ન ભૂતલદેહ,
ક્ષીરસાગરમાં નહીં, રાધા જ એ સ્વયમેવ. રાધા૦

જોઉં જોઉં છતાંય મારાં તૃપ્ત ન થતાં નેન,
સંત આવું જ ક્ષણ ક્ષણ રહો મસ્ત કરતું ઘેન. રાધા૦

— યોગેશ્વરજી

O

અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૨૫–૦૦
વિદેશમાં રૂ. ૨૫૦–૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઇ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન : ૫૬૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.

લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

અનુક્રમણિકા

શ્રી યોગેશ્વર કથામૃત	મા સર્વેશ્વરી	૩
યાત્રાના લખાણોનું અવલોકન	તંત્રી	૧૦
યાત્રાની પૂર્વ ભૂમિકા	નારાયણ હ. જાની	૧૨
યાત્રાનો રૂટ અને કિલોમીટર	રાજીવ હ. જાની	૧૭
યાત્રાની પૂર્વ તૈયારી	પ્રભુભાઈ હળવદિયા	૨૨
યાત્રાના આરંભે	શ્રી રાજુભાઈ જાની	૩૬
સુણ્યો જંગલોનો સાદ	દક્ષેશ કોન્ટ્રેક્ટર	૪૫
મા અને બાળકો	દમયંતી એસ. ભક્ત	૫૧
સવાલ પૂછે જીવ–જવાબ આપે શિવ	ડો. બી. જે. જાગાણી	૫૫
રામકથા	યોગેશ્વરજી	૬૦

અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો
–મા સર્વેશ્વરી

વર્ષ : ૨૧ ઓગસ્ટ–૨૦૦૦ અંક : ૧૧

શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

તા. ૧૨–૮–૮૧, બુધવાર, શ્રાવણ સુદ બારશ, ૨૦૩૭,
સ્થળ : શ્રી કલ્યાણ પ્રાર્થના મંદિર, રગ્બી, ઇંગ્લેન્ડ.

દેશ કે વિદેશમાં હોઈએ પણ નિયમમાં ક્યાંયે બાંધછોડ નહીં જ. પૂ. શ્રીનો એ આદર્શ પ્રશંસનીય છે.

બે દિવસથી સૂર્યનારાયણ દર્શન આપે છે. કોઈકવાર ગરમી પણ લાગે છે. પૂ. શ્રી સો માળા, વ્યાયામ, ગીતાપાઠ અને રામાયણલેખન નિયમિત રીતે કરી રહ્યા છે.

દરરોજની જેમ પૂ. શ્રી સ્નાન કરી લે છે. પછી સર્વેશ્વરી સ્નાન કરી લે છે, આજે સ્નાન પછી સર્વેશ્વરી ઓરડામાં આવે છે. ત્યારે પૂ. શ્રી દંડબેઠક કરી રહ્યા છે.

પૂ. શ્રીએ કહ્યું:–ગઈકાલે અગિયારસ હતી છતાં આજે પૂરો વ્યાયામ કર્યો. જગદંબા(પરમશક્તિ)એ કહ્યું એટલે પૂરો વ્યાયામ કર્યો. નહીં તો મારો વિચાર આજે ફક્ત શીર્ષાસન જ કરવાનો હતો. પણ 'મા'એ કહ્યું કે ત્રીસ દંડ દરરોજ કરો છો એને બદલે આજથી ચાલીશ દંડ કરો. વાંધો નહીં આવે અને સીત્તેર બેઠકને બદલે એક્યાશી બેઠક કરો. એટલે મેં એ રીતે આજે વ્યાયામ કર્યો. હું કંઈ જ મારી જાતે કરતો નથી. 'મા' કહે તેમ જ કરું છું. શિયાળાની આ ઋતુ સ્ફૂર્તિ આપનારી છે. એટલે થાક લાગતો નથી. તેથી હવે એ જ રીતે વ્યાયામ વધારીશ તેથી શરીર પણ સારું રહે.

સર્વેશ્વરી એ વાત શાંતિથી સાંભળી રહ્યાં. થોડીવાર પછી સર્વેશ્વરી પૂ. શ્રીને કહે છે. "આપને તો આવી નાની નાની વાતો પણ જગદંબા કહે છે. મને તો કોઈ કહેતું જ નથી."

પૂ. શ્રીએ તરત જ કહ્યું, જગદંબા જ તમને પણ કહે છે ને જગદંબાનો કહેનારો પ્રતિનિધિ આ (પોતાની તરફ આંગળી કરીને) બેઠો છે. હું કહું છું ને!

જગદંબાના પ્રતિનિધિ સાથે રહેવાનું, ફરવાનું, ખાવાનું, વાતો કરવાની મળે છે. પછી શું બાકી રહ્યું? બધાને તો આવું સદ્‌ભાગ્ય મળતું પણ નથી.

લો જગદંબા કહે છે. (એમ બોલતાં બોલતાં પરમશક્તિ સાથે પોતાની રીતે સંપર્ક કરીને) કે શીર્ષાસન કરો.

પૂ. શ્રીની આખીયે વાત અલૌકિક હતી. સર્વેશ્વરીને જે સદ્‌ભાગ્ય મળ્યું છે. તે તો અમૂલ્ય જ છે. પૂ. શ્રી પોતે જ સાક્ષાત્ પરમશક્તિ છે. તે તો અનુભવે જ સમજાય.

વાતચીત બાદ સર્વેશ્વરી શીર્ષાસન, સર્વાંગાસન, યોગમુદ્રા જેવો વ્યાયામ દરરોજની જેમ કરે છે. પછી મંત્રજપ કરે છે. વચ્ચે દૂધ આવે છે તે લઈને પૂ. શ્રી સાથે દૂધ પીવાનું બને છે.

આજે સવારે સાડા દશ વાગ્યે રગ્બી શહેરમાં કામ પ્રસંગે સર્વેશ્વરી જાય છે. બજાર જોવા મળે છે. જેને શોપીંગ સેન્ટર કહે છે. ત્યાં વિવિધજાતનાં શાકભાજી, તાજા ને સ્વચ્છ કોથળીમાં પેક કરેલાં જોવા મળ્યાં. ભારતના લગભગ બધાં જ શાકભાજી ને ફળો અહીં મળે છે. સક્કર ટેટી, તડબૂચ, મરચાં, રીંગણ, કોબીજ, ટામેટાં, બટાકા, ડુંગળી, મેથીની ભાજી વિ. જોવા મળ્યું.

બજારમાંથી એક ગરમ સ્વેટરની ખરીદી કરી જેની કિંમત ૨૩ પાઉન્ડ હતી. વસ્તુ ઉત્તમ હતી, પણ મોંઘી પણ હતી જ. ઠંડીથી રક્ષણ મેળવવા તે જરૂરી પણ હતી જ.

આજે સાડા અગિયારની મુલાકાતમાં છ સાત ભાઈબેનો હતાં. પૂ. શ્રીએ અમેરિકાના એક ભાઈની વાત કરી. થોડા પ્રશ્નો પૂછાયા તેના ઉત્તરો આપ્યા. પ્રશ્નો નીચે મુજબના હતા:–

પ્રશ્ન : માનવે ૮૪ લાખ યોનિમાં ફરવું પડે કે ૬૪ યોનિમાં જ ફરવું પડે?

પ્રશ્ન : સ્વર્ગ અને વૈકુંઠ એ બે વચ્ચે શો ભેદ છે?

પ્રશ્ન : વિભૂતિ એટલે શું?

પૂ. શ્રીએ સંતોષકારક ઉત્તરો આપ્યા. પણ તે દરમ્યાન સર્વેશ્વરી એક મહત્ત્વનો પત્ર લખી રહ્યાં હોવાથી તેની નોંધ ન થઈ શકી.

આજે હાથે જ ખીચડી શાક બનાવ્યાં. સાથે દહીં લીધું. ભોજનબાદ આરામ. સર્વેશ્વરીએ ડાયરી લખી.

આજે સાંજના જાહેર પ્રવચનમાં પૂ. શ્રીએ મીરાંબાઇ, હનુમાનજી પોતાને થયેલા પ્રભુકૃપાના ત્રણ અનુભવોની વાતો કરી. સર્વેશ્વરીએ પોતાના વાર્તાલાપમાં દેવપ્રયાગની પૂ. શ્રીની કુટિયાની વાતો કરી. ભજન ગવડાવી વાર્તાલાપ પૂર્ણ કર્યો.

આ મંદિરમાં કોઇ પૂજારી નથી. રગ્બીમાં જે ભાઇબેનો રહે છે. તે પૈકી જે સત્સંગમાં રસ ધરાવે છે તેવાં ભાઇબેનોના એક એક અઠવાડિયાના પૂજા કરવાના વારા બાંધ્યા હોય છે.

દરરોજની જેમ મંદિરની આરતી થાય છે. પ્રસાદ વિતરણ થાય છે. ત્યાર બાદ ઉપર આવી આરામ.

રગ્બીનું ભાવિક ભાઇબેનોનું મંડળ જાણે વ્રજમંડળ. એમનો ભક્તિભાવ, સેવાભાવ, પ્રેમભાવ અજોડ છે. ઘણાં વરસોના પરિચિત વર્તુલમાં આવવાનું રહેવાનું બન્યું હોય એવું લાગે છે.

તા. ૧૩-૮-૮૧, ગુરુવાર, શ્રાવણ સુદ તેરશ, ૨૦૩૭,
સ્થળ : શ્રી કલ્યાણ પ્રાર્થના મંદિર, રગ્બી, ઇંગ્લેન્ડ.

નિત્યનિયમ પ્રમાણે સવારથી બધાં જ કામો થાય છે. વચ્ચે દૂધ પીવાનું બને છે. આજે અગિયાર વાગ્યા પછી કેનેડાથી શ્રી સુરેશભાઇનો ફોન આવ્યો. પૂ. શ્રીએ તેમની સાથે વાત કરી. શ્રી સુરેશભાઇએ પૂ. શ્રીને કેનેડા આવવા માટેનું આમંત્રણ આપ્યું અને ઇંગ્લેન્ડથી કેનેડાની ટિકિટ પણ મોકલું એવી ભાવના ભારપૂર્વક દર્શાવી. વળી હવે આપ અમને કલેક્ટ ફોન કરજો જેથી અમને સેવાનો વધુ લાભ મળે, એમ પણ કહ્યું.

કલેક્ટ ફોન એટલે ઇંગ્લેન્ડથી પૂ. શ્રી કેનેડા ફોન કરે તો તે ફોનનો ખર્ચ કેનેડા શ્રી સુરેશભાઇ ઉપાડી લે. એ રીતની સગવડ વિદેશમાં હોય છે.

કેનેડાના ફોનની વાત શ્રી અંબાલાલભાઇને કરી ત્યારે શ્રી અંબાલાલભાઇએ કહ્યું, "ગુરુજી ટિકિટ તો કેનેડા જવાની અમે જ આપીશું. એટલી સેવા અમને કરવા દો. પૂ. શ્રી કહે મા જગદંબાની ઇચ્છા પ્રમાણે થશે. અમે જ ટિકિટ કઢાવીશું."

વાત ખૂબ નાની ગણાય, પણ મહત્ત્વની વાત હતી. કેવી કેવી ભાવના ને સેવાભાવી સત્સંગી જીવો મળે છે, તેનો ખ્યાલ આ વાતચીત ઉપરથી આવ્યો. શ્રી સુરેશભાઇ અને શ્રી અંબાલાલભાઇને ધન્યવાદ ઘટે.

પૂ. શ્રીની અપરિગ્રહ વૃત્તિ તો વંદનીય જ ગણાય. ગમે તેવા પ્રેમભર્યા પ્રલોભનો આવે, છતાં પોતાના આદર્શ પોતાના નિયમમાં અડગતા. અને પ્રભુની શક્તિમાં અચળ વિશ્વાસ. ટિકિટ અમે કઢાવીશું એ શબ્દો પૂ. શ્રીએ કહ્યા ત્યારે પૂ. શ્રી પાસે એટલી રકમ ન હતી કે કેનેડાની બે ટિકિટો કઢાવી શકાય. પણ પૂ. શ્રીને પ્રભુમાં એટલો વિશ્વાસ કે કંઇક ને કંઇક સગવડ થશે જ. કોઇ વ્યક્તિ તે ટિકિટ કઢાવે એવું પૂ. શ્રી ઇચ્છતા ન હતા.

આજની મુલાકાતમાં યુવાન ભાઇઓને પૂ. શ્રી પાસે જય જગદીશ હરે આરતીનો અર્થ અંગ્રેજી અને ગુજરાતીમાં સમજવો હતો. પૂ. શ્રીએ ખૂબ વિસ્તારથી બંને ભાષામાં સમજ આપી. તેમને ખૂબ જ સંતોષ થઇ ગયો.

આજે ભોજન બાદ સર્વેશ્વરી બેનોના સત્સંગમંડળના ગુરુવારના કાર્યક્રમમાં આમંત્રણ હોવાથી હાજરી આપે છે.

પ્રવચન સાંજે સમયસર થયું. આજે પણ સર્વેશ્વરીએ વાર્તાલાપ આપ્યો.

પ્રવચન બાદ મંદિરમાં આરતી થાય. આરતી પછી સમૂહમાં

ક્ષમાપનસ્તોત્ર બોલે પછી ધૂન બોલાય. પછી પાંચ વાર ૐકાર બોલી પ્રસાદ વિતરણ થાય.

પ્રસાદ બાદ સૌ વિદાય થાય તે પહેલાં પ્રથમ દ્વારમાંથી પૂ. શ્રી અને સર્વેશ્વરી ઉપર આવી જાય છે.

તા. ૧૪-૮-૮૧, શુક્રવાર, શ્રાવણ સુદ ચૌદશ, ૨૦૩૭,

સ્થળ : શ્રી કલ્યાણ પ્રાર્થના મંદિર, રગ્બી, ઇંગ્લેન્ડ.

આજકાલ અહીં ઉનાળો ચાલે છે. જેથી સૂર્યપ્રકાશ જોવા મળે છે. ગરમ કપડાંની ખાસ જરૂર પડતી નથી.

સમયસર સવારે પૂ. શ્રી ઊઠી જાય છે. સ્નાન, વ્યાયામ, ગીતાપાઠ, માળા ને તે પછી લેખનકાર્ય શરૂ થઇ જાય છે. ૮ થી ૯ પૂ. શ્રી વિદેશયાત્રાની નોંધ લખે છે. નવ વાગ્યે દરરોજની જેમ શ્રી અંબાલાલભાઇ એમનાં ધર્મપત્ની સાથે જયઅંબે કહી બહાર દૂધ લઇને ઊભા છે. સર્વેશ્વરી દ્વાર ઊઘાડે છે. પૂ. શ્રીની સેવાના એક ભાગરૂપે શ્રી અંબાલાલભાઇએ એક અઠવાડિયા માટે અર્ધા દિવસની દરરોજ રજા લીધી છે. તેઓ બપોરે દોઢ વાગ્યે કામ ઉપર જાય. સાંજે સાડા પાંચ વાગ્યે ઘરે આવે કે તરત જ પૂ. શ્રી પાસે હાજર થઇ જાય. તેઓ ખૂબ પ્રેમપૂર્વક સંતની સેવા કરે છે. ઘરમાં પણ મા ભગવતીની સેવાપૂજા નિયમિત રીતે સવારે અઢીથી ત્રણ કલાક કરે છે. વિદેશમાં રહીને સાચી ધર્મભાવના, પવિત્ર જીવન જીવવાની રીત પણ એક સાધના છે. પવિત્રતા ને ધર્મભાવના ટકાવી રાખવી એ પણ એક મોટું તપ છે. એ અર્થમાં શ્રી અંબાલાલભાઇ સાચે જ સાધક છે.

દૂધ પીધા પછી પૂ. શ્રી ૯ થી ૧૧ રામાયણ લખે છે. આજની બપોરની મુલાકાતમાં મંત્ર સાથે ધ્યાન અને ગાયત્રીમંત્રની ચર્ચા થઇ.

દર શુક્રવારે રગ્બીમાં એક બજાર ભરાય જેને હાટ કે ગુજરી કહી શકાય. એવા બજારને જોવાની સર્વેશ્વરીને ઇચ્છા થઇ. પૂ. શ્રીને એ અંગે પૂછ્યું તો પૂ. શ્રી કહેવા લાગ્યા.

આ જગત આખું જ બજાર છે. તમે એ શુક્રવારે ભરાતા બજારને જોવાની ઇચ્છા રાખો તો તે વળી માનવે ઊભું કરેલું બજાર છે. ને આ વળી આખુંયે જગત જગદંબાએ બનાવેલું છે. એને જ જુઓ ને. પછી માનવે બનાવેલા બજારને જોવાની ઇચ્છા કે જરૂર ન રહે, છતાં તમને આ દેશમાં ભરાતાં બજારો કેવાં હોય તે જોવાની ઇચ્છા છે, તો ભલે જઇ આવો.

પૂ. શ્રીની આજ્ઞા લઇ સર્વેશ્વરી સાડા દશથી સાડા અગિયાર બજાર જોવા શ્રી અંબાલાલભાઇ અને તેમનાં ધર્મપત્ની સાથે જઇ આવ્યાં.

મુલાકાત બાદ ભોજન કરી થોડો આરામ કરી પૂ. શ્રી ફરી રામાયણ લેખન કરે છે. સાંજે લેસ્ટરમાં થનાર ગાયત્રીયજ્ઞના યોજક ભાઇ પૂ. શ્રીને ત્યાં હાજરી આપવાનું આમંત્રણ આપવા આવ્યા છે. પૂ. શ્રી પાસે સમય ન હોવાથી અહીંથી જ આશીર્વાદ આપે છે.

સાંજે પ્રવચન થયું. પ્રવચન બાદ આજે પણ સર્વેશ્વરી પૂ. શ્રીની સૂચનાથી અર્ધો કલાક વાર્તાલાપ આપી ભજન ગવડાવે છે.

પ્રવચન બાદ આરામ. હરિઃ ૐ

(ક્રમશઃ)

યાત્રાના લખાણોનું અવલોકન

તંત્રી

આ યાત્રા વિષે લગભગ બધા જ યાત્રીઓએ પોતપોતાની આવડત અને સૂઝ પ્રમાણે પૂ. માના આદેશથી નોંધો લખીને આપી છે. કિન્તુ તેમાંની ત્રણચાર સિવાય બીજી પ્રસિદ્ધિ યોગ્ય જણાઈ નથી. જે સરસ લાગી છે તેમાં શ્રી પ્રભુભાઈ હળવદિયા, (જો કે નામ નથી લખ્યું) શ્રી રાજુ જાની, શ્રી રાજીવ જાની, શ્રી દક્ષેશ કોન્ટ્રેક્ટર અને શ્રી દમયંતીબેન ભક્તની નોંધો સારી જણાઈ છે. એક રાજીવ જાનીએ જ યાત્રાની ત્રણ ઘટનાઓ પૂરતી જ પોતાની નોંધો મર્યાદિત રાખી તે ઉચિત થયું છે, તે સારી છે. બધાંઓએ એમ કર્યું હોત તો સારું થાત.

શ્રી પ્રભુભાઈ હળવદિયા અને શ્રી દમયંતીબેન ભક્તની નોંધો સમગ્ર યાત્રાને આવરી લેતી, અતિ વિસ્તૃત નોંધો છે, તેમનો સમાવેશ એ જ સ્વરૂપમાં સ્વીકારી માસિકમાં મૂકવાનું શક્ય નથી. વળી તેમ કરવાથી લખાણોનું પુનરાવર્તન પણ ઘણું થાય અને આખા માસિકમાં તે એકનો જ પૂરેપૂરો સમાવેશ ભાગ્યે જ થઈ શકે.

શ્રી રાજુ જાનીના લેખમાં દરેક ઘટનામાંથી શો સાર ગ્રહણ કરવાનો છે, તેનાં તારણો સારી રીતે દર્શાવાયાં છે. એટલે જ્યાં જ્યાં શક્ય હશે, ત્યાં ત્યાં તેમના તારતમ્યની વિગત જણાવીશું.

શ્રી દક્ષેશ કોન્ટ્રેક્ટરે પણ કાર્બેટ નેશનલ પાર્ક વિષે સારી નોંધ લખી છે તે, તે ભાઈની આગવી દૃષ્ટિનું દર્શન કરાવે છે.

બધા જ લેખકોનાં લખાણો વાંચવાનું કામ કંટાળાભર્યું એટલા માટે લાગ્યું કે બધામાં લગભગ પુનરાવર્તન જ હતું. આમ છતાં ક્યાંક ક્યાંક કોઈકની રજૂઆતો સારી પણ જણાઈ છે, પણ તે તારવવાનું કામ ઘણું કપરું છે. ને તેનાથી રજૂઆત ખૂબ લાંબી થઈ જવાનો ભય છે. તો તેમ ન કરવા બદલ ક્ષમા કરે.

ખબર નથી કે સમગ્ર યાત્રાને આવરી લેવાનું બે અંકોમાં કે તેથી વધુ અંકોમાં થશે. આ સંસ્કાર ઘડતરની યાત્રા છે એટલે સ્થાનોનાં વર્ણનો કરતાં પૂ. માનો ઉદ્દેશ્ય તે સ્થાનની મુલાકાત પાછળ શો છે–તેમાંથી યાત્રીઓને શું ગ્રહણ કરવાનું કે સમજવાનું મળ્યું–તે દર્શાવવા ઉપર વધુ ઝોક આપવામાં આવ્યો છે. કારણ કે વાંચકો માટે તે જ વધુ મહત્ત્વનું છે. આવી સમજ યાત્રામાં જોડાયા સિવાય વાચકને પણ પ્રાપ્ત થાય એ હેતુ ધ્યાનમાં રાખી આ સંપાદન તટસ્થભાવે કરવા પ્રયત્ન કરવામાં આવ્યો છે. છતાં તેમાં કોઈને ક્ષતિ જણાય તો માફ કરે.

શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્ક્સ

ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમ જ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭

ફોન : ૨૨૮૨૩૧

યાત્રાની પૂર્વ ભૂમિકા

નારાયણ હ. જાની

સંવત્ ૨૦૫૬, ચૈત્રી નવરાત્રિ દરમ્યાન પૂ. મા–આ વખતે સ્વર્ગારોહણમાં નિવાસ કરતાં હતાં. પૂ. મા જ્યાં હોય ત્યાં ભક્તો તો હોવાના જ, અને તેમાંય યુવાન છોકરાઓ પણ ખરા. વળી બારમા ધોરણની પરીક્ષા પતી. તે પછી ભણતા છોકરાઓ મોટી સંખ્યામાં આવ્યા.

પૂ. મા પાસે પ્રસ્તાવ આવ્યો કુટિયાને રંગવાનો. ઘણાં વર્ષો પહેલાં કુટિયા બાંધી તે પછી તેને રંગવામાં આવી ન હતી. શ્રી પ્રભાબેન પટેલે તેનો ખર્ચ આપવા કહ્યું. તો પૂ. માના યુવાન સાધકો આ કાર્ય ઉપાડી લેવા તૈયાર જ હતા. ફક્ત પૂ. માના આદેશની જ વાટ જોવાતી. પૂ. માએ એ માટે આદેશ આપતાં જ શ્રી રાજીવ જાની અને શ્રી નિલેશ ટેલરના માર્ગદર્શન મુજબ દસ–બાર યુવાનોની ટીમ કામે લાગી ગઈ. સમગ્ર કાર્યવાહી પૂ. માની સૂચના પ્રમાણે જ થઈ રહી.

કામ કપરું હતું, કારણ કે કુટિયાની અંદરના અને બહારના વચલા ઊંચા ભાગો પર રંગ કરવો ખૂબ કઠણ હતો. ત્યાં પહોંચવા કોઈ આધાર Support) મળે તેવું ન હતું. છતાં છોકરાઓએ પૂ. માનું નામ જપતાં જપતાં–ખૂબ હિમ્મત, ઉત્સાહ અને સાહસથી તે કામ પૂરું કર્યું. ઉનાળાની સખત ગરમી પણ એમના ઉત્સાહને મંદ પાડી ન શકી. કેવી સરસ પૂ. માના આદેશમાં એમની શ્રદ્ધા?

છોકરાઓએ મિશ્રણ કરેલો રંગ લગાડયો. તે સૂકાતાં પૂ. માને તે ઠીક ન લાગ્યો. પૂ. માએ શ્રી રાજીવને બોલાવી, આ વાત

કરી તો રાજીવે કહ્યું, "આપ કહો છો તેવા નવા રંગનું સંમિશ્રણ કરી–ફરી એના ઉપર બીજો હાથ મારી દઈએ."

પૂ. માને આ સૂચન ગમ્યું.

પૂ. માના સ્વભાવમાં વિલંબ જેવી વાત જ ન આવે. તુરત જ આદેશનો અમલ કરવાનો હતો. ગામમાં જઈને રંગ લાવી સંમિશ્રિત કરતાં બપોર થઈ ગયો. અગાઉ તો રંગકામ મોટાભાગે રાતે કરેલું. ઉનાળાની બપોર ને ખુલ્લા પગે લોખંડની તપેલી સીડી ઉપર ઊભા રહી રંગ કરવાનો. પરંતુ પૂ. મામાં અપાર શ્રદ્ધા ધરાવતા યુવકો ને રાજીવભાઈએ એ તાપની જલન હસતા વદને સહી–ખરે બપોરે આ કામ પૂરું કરી દીધું. રંગ સૂકાતાં પૂ. માને ગમ્યો.

પૂ. મા પ્રસન્ન થયાં. ખૂબ વહાલ વરસાવ્યું. પ્રસાદ આપ્યો. ભાગ લેનારા યુવાનોને જાણે મહા પુરસ્કાર મળી ગયો! પૂ. માની પ્રસન્નતા અને વહાલ આગળ દુનિયાની કોઈ પણ ચીજની શી વિસાત!

આ અંગે શ્રી દમયંતીબેન ભક્તે નોંધ્યું છે કે "પૂ. શ્રી માએ કુટિયાને રંગ કરવાનું કામ સોંપ્યું એટલે બાળકો ખુશખુશાલ થઈ ગયા. આ કામ મોટાભાગે રાત્રે કરતા. બાળકો કામ કરતા ત્યારે વચ્ચે વચ્ચે પૂ. મા ફળો, બીસ્કીટો ને ચોકલેટોનો પ્રસાદ મોકલ્યાં કરતાં અને પોતાના આવાસમાં બાળકોને ઉત્સાહપૂર્વક કામ કરતા જોઈ પૂ. મા પ્રસન્નતા અનુભવતાં.

પૂ. મા છોકરાઓનું આ પરાક્રમભર્યું કામ જોઈ ખુશ થઈ ગયાં. એમને થયું, "છોકરાઓના આ સેવાકાર્યની કદરરૂપે શું આપું?" પૂ. મા શ્રી મહમદપેગંબરના એ સિદ્ધાંતને વખાણે–જેમાં તેઓએ કહ્યું છે–મજૂરનો પસીનો સૂકાઈ જાય તે પહેલાં એનું

મહેનતાણું ચૂકવી દેવું." છેવટે પૂ. માએ આ અને બીજા છોકરાઓને પોતાની સાથે યાત્રાએ લઇ જઇ તેમને માતૃપ્રેમનો અદ્‌ભુત અનુભવ કરાવવા વિચાર્યું.

પૂ. માની ઇચ્છા આ ઉગતા, ભરપૂર શક્તિ અને સાહસથી ઉભરાતા યુવાનોમાં પ્રેમ અને પ્રત્યક્ષ આચરણદ્વારા સંસ્કારોનું સિંચન કરવાનો સંકલ્પ કર્યો. એવું તો જ બની શકે જો પૂ. મા તેઓને ક્યાંક યાત્રાએ પોતાની સાથે લઇ જાય. આથી પૂ. માએ યાત્રાના પહેલા વિકલ્પ તરીકે નજીકનાં તીર્થો–શામળાજી, કેસરિયાજી, ઉદેપુર, શ્રીનાથજી, એકલંગજી, પુષ્કરજી જવા વિચાર્યું–પરંતુ સખત ગરમી અને એ વિસ્તારમાં પાણીની તકલીફ જણાતાં પૂ. માએ ત્યાંની યાત્રાનો વિચાર પડતો મૂક્યો.

હવે બીજા વિકલ્પ તરીકે પૂ. માએ નૈનિતાલ, આલ્મોડા–વગેરેનાં ઉત્તરભારતનાં સ્થાનો પર પસંદગી ઉતારી. પૂ. મા અને યુવકો એની તૈયારીમાં લાગી ગયા.

પૂ. માંમાં ખૂબ સરસ આયોજન શક્તિ એટલે આ સ્થાનોની ભૂગોળ–એનાં જોવાજેવાં સ્થાનો વગેરેની માહિતી એકત્રિત કરી લીધી અને નક્કી કરી નાંખ્યું કે તા. ૬–૫–૨૦૦૦ સુધીમાં યાત્રામાં જોડાનાર યુવકોએ હરિદ્વારમાં–આર્યનિવાસમાં પોતાની રીતે પહોંચી જવું.

કોણ કોણ સદ્‌ભાગી યુવાનો આ યાત્રામાં જોડાઇ શક્યા, તેની યાદી અહીં આપી છે.

યાત્રામાં જોડાનાર યુવકોની પસંદગી પૂ. માએ પોતે નામ જોગ કરી હતી. કુલ ૨૩ યુવકોની યાદી બની. તો સાતેક જેટલા થોડા મોટી વયના ભક્તોને પણ સાથમાં લીધા. તેમનાં નામો પણ યાત્રીઓની યાદીમાં મૂકવામાં આવ્યાં છે.

આ બધી જ વ્યક્તિઓ એવી કે જેમનું પૂ. ગુરુદેવ કે પૂ. માના સેવાકાર્યોમાં કંઇક ને કંઇક પ્રદાન રહ્યું હોય. પૂ. માંમાં ઋણ સ્વીકારની અદ્‌ભુત ભાવના. જીવનમાં ક્યારેય કોઇ કામમાં સહયોગ ધર્યો હોય–પછી તે નાનો હોય કે મોટો, તોપણ પૂ. મા તે યાદ રાખે છે, આપણને એ રીતે શીખવે છે કે કદી કોઇનું ઋણ, ઉપકાર કે સહાયને ભૂલતાં નહિ. એવી અદ્‌ભુત છે પૂ. માની કૃતજ્ઞતા!

યાત્રાનો આરંભ

આ યાત્રામાં ક્યાં સ્થળોનો સમાવેશ થયો અને તેમનું અંતર કેટલું તે–યાત્રી શ્રી રાજીવ જાનીના શબ્દોમાં પાના ૧૭ ઉપર જોઇએ:–

યાત્રામાં જોડાવા પસંદગી પામેલ સદ્‌ભાગ્યશાળી યુવકો

૧. રાજીવ જાની	૧૨. ધવલ દવે
૨. નિલેશ ટેલર	૧૩. અશ્વિનભાઇ કાકા
૩. નિલેશ કણજારિયા	૧૪. કીર્તન હળવદિયા
૪. ધ્રુવ કલોલા	૧૫. જીજ્ઞેશ જોષી
૫. જય પટેલ	૧૬. ડો. પીયુશ પુરોહિત
૬. જાગ્રત જાની	૧૭. જય અમીન
૭. સ્નેહલ પુરોહિત	૧૮. દર્શન છાંટબાર
૮. દિવ્યેશ લેખડિયા	૧૯. તેજસ પટેલ
૯. અતુલ કોન્ટ્રેક્ટર	૨૦. સંદીપ સોરઠિયા
૧૦. દક્ષેશ કોન્ટ્રેક્ટર	૨૧. જય અમૃતિયા
૧૧. હેમલ મહેતા	૨૨. પ્રયાગ ત્રિવેદી

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી–યાત્રાનાં મુખ્ય પ્રયોજક યાત્રામાં જોડાવાનું સદ્‌ભાગ્ય પામનાર વડીલો

૧. શ્રી દમયંતી બેન ભક્ત
૨. શ્રી મંજુલાબેન ભાવસાર
૩. શ્રી મીરાબેન પાઠક
૪. શ્રી ગોરધનભાઇ કલોલા
૫. શ્રી વિજયભાઇ કનેરિયા
૬. શ્રી રાજુભાઇ જાની
૭. શ્રી અજય કલોલા
૮. શ્રી દીપકભાઇ મહેતા
૯. શ્રી મધુભાઇ ભટ્ટ
૧૦. શ્રી પ્રભુભાઇ હળવદિયા

સંસ્કાર ઘડતર યાત્રામાં આવરી લેવાયેલાં સ્થાનો

તા. ૭–૫–૨૦૦૦ થી તા. ૧૬–૫–૨૦૦૦

હરિદ્વારથી જસપુર ગુરુદ્વારા બસ ખોટવાઇ તે સ્થળ.

કાશીપુર રામનગર કોર્બેટ નેશનલપાર્ક, હાથીસ્વારી કોર્બેટ ફોલ. (ધોધ).

નૈનિતાલ સનરાઇઝપોઇન્ટ, ચકડોળ, ઘોડેસ્વારી, બોટીંગ, હનુમાન ગઢ મંદિર, નીમકરોલી.

આલ્મોડા ગોલુ દેવતા, શિવમંદિરો, જાગનાથ જ્યોતિ-લિંગ, કૃષ્ણપ્રેમ આશ્રમ, આનંદમયી માતાનો આશ્રમ.

સ્વામી વિવેકાનંદનું સ્થાન, કાલી મંદિર, સનસેટ પોઇન્ટ, રામકૃષ્ણ આશ્રમ.

રાણીખેત કુમાઉ રેજીમેન્ટ મ્યુઝિયમ. સફરજનોનો બગીચો, હૈડાબાબા આશ્રમ, ભીમનાથ મહાદેવ.

કસૌલી સૂર્યદર્શન–પ્રભાતે કવિ સુમિત્રાનંદન પંતનું સ્થાન, અનાસક્ત ગાંધી આશ્રમ.

રુદ્રપ્રયાગ

દેવપ્રયાગ પૂ. યોગેશ્વરજીની કુટિયા, મા–પ્રભુના ભક્ત શ્રી મેચંદજીના ઘરની મુલાકાત.

હરિદ્વાર પરત ૧૬–૫–૨૦૦૦.

યાત્રાનો રૂટ અને કિલોમીટર

રાજીવ હ. જાની, મુંબઇ

[શ્રી રાજીવ જાની એ એક તરવરિયો ને પૂ. માંમાં ખૂબ શ્રદ્ધાભક્તિ ધરાવતો–ઓછાબોલો યુવક છે. એણે જીવનમાં પૂ. માની સેવાને અર્થોપાર્જનની પ્રવૃત્તિ કરતાં પણ અગ્રસ્થાન આપ્યું છે. એટલે જ તો પૂ. માની તેના ઉપર અનહદ કૃપા વર્ષા પણ થતી રહે છે. તે નીડર અને કાર્યકુશળ છે. ખાસ ટેકનિકલ આવડત ધરાવતાં કામો કરવાની તેની સૂઝ સારી છે. તેની પાસે પણ ભાવપૂર્ણ શ્રદ્ધાળુ હૃદય છે ને તેવી જ સારી કલમ પણ. આ યાત્રાના એના એ લેખોએ એની આ શક્તિનો સરસ પરિચય આપણને કરાવ્યો. એટલે એના કુલ ૩ લેખો–ઘટનાઓ આધારિત–આ યાત્રાની લેખનમાળામાં સમાવેલ છે. — **તંત્રી**]

આ વખતની યાત્રા દરેક માટે નવી જ હતી. પૂ. મા માટે પણ આ યાત્રાનાં સ્થળો નવાં જ હતાં. પૂ. માની સૂચના પ્રમાણે અમારી યાત્રા હરિદ્વારથી પ્રારંભ પામવાની હતી. તે પ્રમાણે દરેક બાળકો અને મોટાઓ ૬ તારીખ સુધીમાં હરિદ્વાર પહોંચી જાય છે. ૭, મે–૨૦૦૦ સવારે ૮–૩૦ વાગે અમારી યાત્રા શરૂ થાય છે. હરિદ્વારથી ચંડીદેવીના રસ્તે આગળ નાઝિયાબાદ થઇને અફઝલ-ગઢથી આગળ જસપુર પહોંચીએ છીએ, જે હરિદ્વારથી લગભગ ૧૪૦ કિ. મી.ના અંતરે આવેલું છે. જ્યાં અમારી બસ બગડી જવાથી ભોજન તથા ગુરુદ્વારમાં ભજન માટે બે કલાક રોકાવું પડે છે. લગભગ ચાર વાગ્યે ત્યાંથી આગળ વધતાં કાશીપુર થઇને

અમે રામનગર પહોંચીએ છીએ જે હરિદ્વારથી લગભગ ૧૮૫ કિ. મી. છે. રામનગર એ કોર્બેટ નેશનલ પાર્કનું પ્રવેશદ્વાર છે. બીજો એક રસ્તો ઋષિકેશથી કોટદ્વારા થઇને પણ છે. તે પ્રમાણમાં થોડો ટૂંકો રસ્તો છે. પરંતુ ત્યાંના રસ્તા ખૂબ જ ખરાબ હોવાથી અમે આ રસ્તે રામનગર પહોંચીએ છીએ. રામનગરથી ૯ કિ. મી. અંદર જંગલમાં સરકારી આરામગૃહ છે. જે બિજલાની ગેઇટ નામે ઓળખાય છે. ત્યાં અમારા ઉતારાની સગવડ હોય છે. પ્રમાણમાં અહીં રહેવાનું ઘણું મોંઘુ છે. પરંતુ જંગલમાં રહેવાનો આનંદ મેળવવા માટે સારું સ્થાન છે. અમે એક રાત ત્યાં રોકાઇને જંગલની મજા માણી. બીજે દિવસે ૧૨:૩૦ વાગે ત્યાંથી ફરી પાછા રામનગર આવીએ છીએ. રામનગરથી બસ અંદર જઇ શકતી નથી. એટલે પોતાનું નાનું વાહન હોય તો તેમાં અથવા તેઓ ત્યાંથી જીપદ્વારા અંદર જવાય છે. રામનગરથી અમે બસદ્વારા નૈનીતાલ તરફ આગળ વધીએ છીએ અને લગભગ ૨૦ કિ. મી.ના અંતરે કોરબેટ ફોલનું પ્રવેશદ્વાર આવે છે. ત્યાંથી ૨ કિ. મી. અંદર ચાલીને ફોલસુધી જવાનું હોય છે. અમે બધા પૂ. મા સાથે ફોલમાં ખૂબ જ આનંદ કરી પાછા ફરીએ છીએ. પૂ. મા પણ અમારી સાથે પદયાત્રા કરી બહાર રોડસુધી આવે છે. ત્યાંથી લગભગ ૪૦ કિ. મી.ના અંતરે નૈનીતાલ આવેલું છે. એટલે અમે ૫:૩૦ વાગે નૈનીતાલ પહોંચ્યા. ત્યાં બે દિવસમાં સ્નો વ્યૂ પોઇન્ટ પર રોપ–વેમાં જઇ જોઇએ છીએ. બીજા Land Sand Tiffin Top જેવા પોઇન્ટ હોર્સ રાઇડિંગ કરીને જોઇ, બોટિંગ, શોપિંગ વગેરે કરી ત્રીજે દિવસે સવારે અમે અલ્મોડા માટે રવાના થઇએ છીએ. નૈનીતાલથી લગભગ ૮ કિ. મી.ના અંતરે હનુમાનજીનું સુંદર મંદિર છે. જેનું નામ હનુમાનગઢી છે. સ્થાન ખૂબ જ સુંદર

અને જોવાલાયક છે. પર્વતપર હોવાથી એની સુંદરતા વિશેષ લાગે છે. તેની પાછળના ભાગમાં રામભગવાન અને શિવજીનાં મંદિરો પણ છે.

ત્યાંથી ફરી અમે નૈનીતાલ થઇ અલ્મોડા તરફ જઇએ છીએ. નૈનીતાલથી અલ્મોડા લગભગ ૮૦ કિ. મી. છે. એ રસ્તે ૩૫ થી ૪૦ કિ. મી.ના અંતરે કૈચીનામના સ્થાનમાં બાબા નિમકરોલીનો આશ્રમ છે. એની મુલાકાત લઇ અમે ૫–૩૦ વાગે અલ્મોડા પહોંચીએ છીએ. ત્યાંથી બીજે દિવસે અમે માતા આનંદમયીનો આશ્રમ જોઇ. ૧૨ કિ. મી. દૂર કસારદેવીનું મંદિર છે ત્યાં દર્શન કરી. બીજે દિવસે જગેશ્વર (ભગવાન શંકરનાં પ્રાચીન મંદિરો છે) ત્યાં જઇએ છીએ તે અલ્મોડાથી ૩૨ કિ. મી. પર છે. વચ્ચે ૧૫ કિ. મી. પર ગોલુદેવતાનું મંદિર આવે છે. એની મુલાકાત પણ લઇએ છીએ. પછી દંડેશ્વર મહાદેવના પ્રાચીન મંદિરના દર્શન કરી જગેશ્વરમાં જઇએ છીએ. તેની સુંદરતા પણ અદ્‌ભુત છે. પાછા વળતી વખતે પાનવેનઉઢ્ઢા આગળ પર્વત પર ૧ કિ. મી. પર શ્રી કૃષ્ણપ્રેમનો આશ્રમ છે. તેનું સૌંદર્ય જોવાનો પણ એક લ્હાવો છે. ત્યાંથી અલ્મોડા પાછા આવી બીજે દિવસે અમે રાનીખેત જવા નીકળીએ છીએ. ૧૧–૩૦ વાગે અમે રાનીખેત પહોંચીએ છીએ ત્યાં કુમાઉ રેજીમેન્ટનું મ્યૂઝીયમ છે. કારગીલના યુદ્ધ દરમ્યાન શહીદ થયેલા જવાનોની વિધવાઓની આજીવિકા માટે તેઓને વુલનશાલ, શર્ટિંગનું કાપડ વણી શકે તેવું મશીન ઓનાયત કરવામાં આવેલું હોય છે. અને તેની બાજુમાં જ તેનું વેચાણકેન્દ્ર પણ છે. ત્યાંથી લગભગ ૧૨ કિ. મી. ઝૂલાદેવીનું મંદિર અને ચોવટિયા ગાર્ડન છે. જેમાં ખૂબ જ સુંદર સફરજનના ઝાડ અને ફૂલોના બગીચા છે. બીજા દિવસે અમે બાબા હૈડાખાનના આશ્રમમાં ગયા. ત્યાંથી લગભગ ૨૦ કિ. મી. દૂર બિનસર મહાદેવનું મંદિર

છે. ત્યાં દર્શન કર્યાં. ત્યાંથી આવીને અમે રાનીખેતથી કૌસાની જવા નીકળ્યા. કૌસાની લગભગ ૮૦ કિ. મી.ના અંતરે છે. રાનીખેતથી દ્વારહાટ, સોમેશ્વર થઇ અમે કૌસાની પહોંચ્યા. રાનીખેતથી કૌસાની આવવા માટે બીજો એક રસ્તો પણ છે જે રાનીખેતથી ૫ કિ. મી. પછી અલગ રૂટ તરફ જાય છે. જે હવાલબાગ થઇ સોમેશ્વર થઇ કૌસાની જાય છે. અમે લગભગ ૪ વાગે કૌસાની પહોંચ્યા. કૌસાની પ્રમાણમાં ઘણું નાનું છે. અહીં થોડા ચાના બગીચાઓ જોવા મળે છે. અમે સાગર હોટલમાં ઉતર્યા હતા જે પ્રમાણમાં સારી હતી. અમારી હોટલના પાછળના ભાગથી દૃશ્ય ખૂબ સુંદર દેખાતું હતું. અહીંનો સૂર્યોદય ખૂબ સરસ અને જોવાલાયક હોય છે. અહીંના લોકો આને મીની સ્વીટ્ઝર્લેન્ડ તરીકે ઓળખાવે છે. અહીંથી ત્રિશૂલ અને નંદાદેવીના પર્વતોની હારમાળા દેખાય છે. અહીં ગાંધીજીનો અનાસક્તિ આશ્રમ આવેલો છે. તે ઉપરાંત હિંદીભાષાના જાણીતા સાહિત્યકાર સુમિત્રાનંદ પંતનું સ્મૃતિ સંગ્રાલય આવેલું છે. અહીંથી ૧૮ કિ. મી. ના અંતરે બૈજનાથનાં પ્રાચીન મંદિરો આવેલાં છે. તે બધી જગ્યાની મુલાકાત લઇ બે દિવસના રોકાણ પછી અમે કર્ણપ્રયાગ જવા રવાના થયા. કૌસાનીથી કર્ણપ્રયાગ ૧૦૫ કિ. મી. છે. કૌસાનીથી બૈજનાથ, ગ્વાલ્ડમ, થરાલી થઇને કર્ણપ્રયાગ આવે છે. ત્યાંથી ૩૨ કિ. મી. પર રુદ્રપ્રયાગ છે. અમે લગભગ ૨ વાગે રુદ્રપ્રયાગથી ૩ કિ. મી. પહેલાં મોનલ રીજોર્ટ નામની હોટલ છે. જે પ્રમાણમાં થોડી મોંઘી હોવા છતાં સુખસગવડની દૃષ્ટિએ ખૂબ જ સારી છે. ત્યાં રાત્રિ રોકાણ બાદ સવારે અમે દેવપ્રયાગ તરફ જવા રવાના થયા. રુદ્રપ્રયાગથી દેવપ્રયાગ ૭૫ કિ. મી. છે. રુદ્રપ્રયાગથી શ્રીનગર થઇને અમે દેવપ્રયાગ પહોંચ્યા. દેવપ્રયાગ એ અમારા માટે સૌથી મોટું તીર્થસ્થાન છે, કારણ આ ભૂમિપર અમારા

ગુરુદેવ પ્રભુએ સાધના કરી ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યો હતો. બીજા અનેક અનુભવોની પ્રાપ્તિ પણ આ સ્થાનમાં થઇ હતી. અહીંથી થોડે ઉપર ચઢાણ પછી તેમની કુટિયાનું સ્થાન છે. અમે પૂ. મા સાથે ત્યાં જઇ બાવની સ્તુતિ, ધૂન, પ્રણામ, દર્શન કરી આત્મસંતોષ મેળવ્યો, અને છેવટે ત્યાંથી નીકળી અમે હરિદ્વાર તરફ પ્રયાણ કર્યું. દેવપ્રયાગથી હરિદ્વાર લગભગ ૯૦ કિ. મી. છે. દેવપ્રયાગથી ઋષિકેશ થઇને સાંજે ૫ વાગે અમે હરિદ્વાર આવી પહોંચ્યા અને ગુરુદેવના આભાર માટેની પ્રાર્થના સાથે અમારી સુખદ યાત્રાની પૂર્ણાહુતિ કરી.

પોતાની જાતને ઓળખવી એટલે પોતાના શરીરમાં રહેલી ચિન્મયસત્તાનો પ્રત્યક્ષ અનુભવ કરવો, એનું દર્શન કરવું. એને સ્વરૂપ પણ કહેવાય છે. ધ્યાનથી આવું દર્શન શક્ય બને છે. ધ્યાન કરતાં કરતાં મન શાંત થાય છે ત્યારે આત્મતત્ત્વનો અનુભવ કરી લે છે. યોગેશ્વરજી

દીપક સી. મહેતા

કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ.

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પલેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત-૩૯૫ ૦૦૧.

યાત્રાની પૂર્વ તૈયારી

પ્રભુભાઈ હળવદિયા

[શ્રી પ્રભુભાઈ હળવદિયા વ્યવસાયે એન્જીનિયર છે, પણ સ્વભાવે તે મૂક સેવક અને શ્રદ્ધાળુ સાધક છે. ગમે તેવું શારીરિક કષ્ટ ઊઠાવીને પણ તેઓ પૂ. મા–પ્રભુનું કામ કરતા રહે છે. પ્રસિદ્ધિથી તેઓ હંમેશાં દૂર ભાગે છે એટલે આ યાત્રાનો સરસ અહેવાલ લખ્યો હોવા છતાં, એમણે પોતાનું નામ ન લખેલું. તે શોધી કાઢતાં અમને ઠીક ઠીક શ્રમ કરવો પડયો.

સેવાની ક્ષમતાના લાયકાતના બળે જ તેઓ પૂ. માની દશ-રથાચલની યાત્રામાં સ્થાન પામેલા. તો આ યાત્રામાં તેમની તે જ લાયકાતે પૂ. માએ તેમને સામેલ કર્યા લાગે છે. પિતા અને પુત્રની જોડીનો સારો મેળ મળી ગયો.

શ્રી પ્રભુભાઈએ જે નોંધ લખી છે તે ખૂબ વિસ્તૃત છે એટલે તેને ટૂંકાવવી પડી છે, તો ક્ષમા કરે. —તંત્રી]

પ. પૂ. શ્રી મા–પ્રભુની સુખદ સન્નિધિમાં "સંસ્કાર ઘડતર યાત્રા" એટલે પ. પૂ. શ્રી મા–પ્રભુનાં કૃપાપ્રસાદરૂપ અલ્મોડા નૈનિતાલની યાત્રા.

સરિતામાં સ્નાનથી શરીર શુદ્ધિ, શાંતિ અને ટાઢક મળે છે. જ્યારે પ. પૂ. શ્રી મા–પ્રભુનાં સાન્નિધ્યરૂપી શરણગંગા તો સાચા શરણાગત બાળભક્તોમાં સાત્ત્વિક સંસ્કારોનું સલિલ સિંચન કરીને યુગોથી મન–અંતરમાં પડેલી અશુદ્ધિઓને તેમ જ મલિનતાને મીટાવી દે છે. પ. પૂ. માની શરણગંગામાં એવા તો પ્રેમ–

વાત્સલ્યનાં પૂર ઉમટે છે કે ભલભલા તેમાં ડૂબકી મારતાં જ એક અનેરા આનંદ અને પરમ શાંતિના સુખથી લાભાન્વિત થાય છે. પરંતુ તે ત્યારે જ શક્ય બને છે, જ્યારે સ્નાન ઈચ્છુક પોતાનાં દંભ, અહમ્, કામ, ક્રોધનાં કપડાં ઉતારી બાળક બની, સહજભાવે પૂ. માની શરણગંગામાં ઝંપલાવે અને ગાય કે ૐ યોગેશ્વર રક્ષ મામ્, મા સર્વેશ્વરી પાહિ મામ્.

સતત શરણાગતભાવ માટે પણ હે મા તમારી જ કૃપા જોઈશે. સંસારના સઘળાં વિઘ્નો–સંકટો વચ્ચે અહર્નિશ કૃપાછત્ર ધરતાં રહેજો, જેથી ભૂલભૂલામણીમાં અટવાઈ ન પડીએ.

સહજ સંસારી ફરજો નિર્મોહભાવે બજાવી આપનું સતત સ્મરણ કરતાં રહીએ તેવી કૃપા વરસાવતાં રહો છો અને હર-હંમેશ વરસાવતાં રહેજો એ જ અંતઃકરણથી પ્રાર્થના.

આવો તો હવે આપણે શ્રી મા જગદંબાનાં સાન્નિધ્યે તેમની જ કૃપાથી આયોજન પામેલ સંસ્કાર ઘડતર યાત્રામાં વિહાર કરીએ.

યાત્રામાં સામાન, પૈસા, ખાવા–પીવાની કેવી કેવી કાળજી રાખશો તેની એક એક વસ્તુની ચોકસાઈપૂર્વક સૂચના પૂ. શ્રી માએ સૌને આપી.

"ત્રણ ગોવાળ (અજય, વિજય, પ્રભુદાસ) અને બાકીના વાછરડા ગણી લેજો!" વાક્ય લખી પૂ. શ્રી માએ હાસ્યનું મોજું ઉત્પન્ન કરી સાથોસાથ ત્રણ જૂથમાં (ચાર–ચાર અને પાંચ) જવાબદારીઓ સોંપી દીધી.

તેવી જ રીતે પૈસા બાબતે સૌને સૂચના આપતાં લખ્યું.

"ચિંતા અજયના ખિસ્સે સોંપી,
યાત્રા કરી લે ખ્યારે!!!"

સૌ ખડખડાટ હસી પડયા. શ્રી અજયભાઈએ કાશીયાત્રા દરમ્યાન શ્રી કાશીવિશ્વનાથ ભગવાન તથા પ્રયાગરાજ ભગવાને રૂ. ૧૦,૦૦૦/– + રૂ. ૧૦,૦૦૦/– આપ્યા તેની પૂ. મા–પ્રભુની લીલાદર્શનની વાત કરી.

પૂ. શ્રી મા ખૂબ જ પ્રફુલ્લિત જણાય છે. પૂ. શ્રી મા સૌને વારાફરતી આઈસ્ક્રીમ, ચવાણું તથા બિસ્કીટનો પ્રસાદ વહેંચવાનું શરૂ કરે છે. એક ભક્ત વચ્ચેથી ઉતાવળ કરી પ્રસાદ મેળવવા હાથ લંબાવે છે, પૂ. શ્રી માએ તુરંત જ ટકોર કરી : બાપા ઊઠીને પહેલા ! રસ્તે સંભાળજો, નાનાને સંભાળજો.

પૂ. શ્રી મા–પ્રભુની આ નાનીસરખી ટકોરે આપણી સંસ્કાર-ઘડતર યાત્રાની શુભ શરૂઆત કરી.

હંમેશાં પહેલાં નાની ઉંમરવાળાનું ધ્યાન રાખો–ઘર હોય કે બહાર. ખાવા–પીવાનું હોય કે રહેવા–જમવાનું. નાના બાળકોને જ હંમેશાં અગ્રિમતા આપો. આપણે થોડો સંયમ જાળવો.

પૂ. શ્રી માએ પૂછ્યું, આજે કોણે બે વાર ગંગામાં સ્નાન કર્યું ? ગંગાજીમાં સ્નાન કરતાં પહેલાં શું કરવાનું ?

ગંગાસ્નાન કરતાં પહેલા હૃદયપૂર્વકની ગંગાજીને પ્રાર્થના અને પ્રણામ કરવા જોઈએ. એ તો મા છે, તે ભૂલોને સતત ક્ષમા કરે છે. આમ ગંગામાં એ ચેતનવંતી દૈવી સ્વરૂપ મા છે, તેનું સૌને ભાન કરાવ્યું. તે સામાન્ય નદી નથી તે સદા યાદ રહે તેવી ટકોર પણ કરી. ગંગાજી સૌની પ્રાર્થના સાંભળે છે તેનો ઈતિહાસ પણ પુરાવો આપે છે.

યાત્રાની આગલી રાતે એક સૂચનાપત્ર, અજયભાઈ કલોલાને પૂ. શ્રી મા આપે છે. સૌને વાંચી સંભળાવવામાં આવે છે. યાત્રા

દરમ્યાન સૌએ પાળવાના નિયમોનું વર્ણન પૂ. માએ તેમાં કરેલું છે, તે આ પ્રમાણે છે.

(૧) યાત્રા સૌની છે. રામભરોસે યાત્રા છે.

(૨) યાત્રા દરમ્યાન–સવાર–બપોર–સાંજે–ત્રણે વખતે–પ્રાર્થનાઓ બે બાવની, અમોને જ્ઞાન દેનારા, ૧ માળા (ૐ યોગેશ્વરાય નમઃ) તથા પ્રણામ સૌએ નિયમિત કરવાના છે.

(૩) રૂમ નાના હશે તોપણ દરેકે ૧૧ પ્રણામ તો કરવાના જ.

(૪) રોડ ઉપર સૂવાની તૈયારી રાખવાની છે. ભૂખે પણ રહેવું પડે.

(૫) યાત્રામાં કોઈ સંસારી સંબંધો રાખવાના નથી, ભૂલી જવા.

(૬) સૌએ પોતાનું કામ–સામાન વગેરે ઊંચકવાનું, પોતાનાં કપડાં પોતે જ ધોવાનાં.

(૭) માએ તો ૧૭ વર્ષથી પાકું ભોજન નથી લીધું, તમારે તો ૭ દિવસ પાકું ભોજન ન લેવાય તો કોઈ કરમાઈ નહીં જાય.

(૮) બાળકોને મૂકીને ખાવાની ટેવ ન રાખવી.

(૯) બાળકોને (બસમાં) બારી પાસે બેસવા દેજો.

(૧૦) સૌ પરિવારના જ સભ્યો છે, સંપથી રહેજો અને યાત્રા કરજો.

(૧૧) કોને માની ગાડીમાં બેસવું છે ?

(૧૨) રોજ રોજ વારા બાંધીશું.

(૧૩) જો કે બસમાં જ મજા પડશે.

(૧૪) સૌ પોતાની બાજુમાં બેઠેલાને ચેક કરે.

(૧૫) બસની બહાર કોઈએ ડોકું નથી કાઢવાનું.

પૂ. મા : તમે બધા ખૂબ ડાહ્યા છો. આટલી સૂચના પૂરતી છે.

આમ યાત્રા શરૂ થતાં પહેલાં જ પ. પૂ. શ્રી મા સૌને માનસિક કરીતે તૈયાર કરી દે છે. ગમે તેવી અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિ ઊભી થાય તોપણ કોઈ જ ફરિયાદ ન ઉદ્‌ભવે, મોજ–મસ્તીથી, પૂ. શ્રી માના વાત્સલ્યસાગરમાં જ ગળાડૂબ રહી યાત્રાનો અનેરો આનંદ માણે એ જ પૂ. શ્રી મા ઈચ્છે છે. શત સત પ્રણામ. સર્વ ચિંતાને હરનારાં દેવીસ્વરૂપા પૂ. શ્રી શ્રી મા–પ્રભુને...

યાત્રાનો પ્રારંભ

તા. ૭–૫–૨૦૦૦ નું સુવર્ણ પ્રભાત થતાં, સૌ વહેલાં વહેલાં ઊઠી ગંગાસ્નાન કરી તૈયાર થઈ જાય છે. સૌમાં એક અનેરો આનંદનો મહાસાગર હિલોળા મારી રહ્યો છે. સૌ સામાન પેક કરી યાત્રાની શુભ શરૂઆત માટે તન–મન–અંતરથી પૂરેપૂરા તૈયાર થઈ ગયા છે. પ. પૂ. શ્રી મા–પ્રભુની સુખદ સંન્નિધિમાં સૌને આ અવિસ્મરણીય યાત્રાનો લ્હાવો લેવાની સોનેરી તક મળી છે. સૌ તે તકને ઝડપી લેવા સજ્જ છે. બધાના માનસપટ પર ફક્ત પ. પૂ. શ્રી મા–પ્રભુ જ છવાયેલાં છે. હૃદયાસને મા–ભગવતીને જ સૌએ પ્રસ્થાપિત કરી દીધાં છે. અને સૌ જાણે કે સ્વર્ગલોકમાં વિહાર કરતાં હોય તેવા આનંદ–ઉત્સાહમાં આર્યનિવાસ(હરિદ્વાર)ના ઉતારામાં આમતેમ, અધીરા બની, ફરી રહ્યાં છે.

સવારનાં ૭–૦૦ થતાં, નીચે ડોર્મેટરી ખંડમાં પ. પૂ. શ્રી માની સૂચનાનુસાર, સમૂહ પ્રણામ તથા પ્રાર્થના કરીએ છીએ. ત્યારબાદ સૌ પૂ. શ્રી મા–પ્રભુનાં ઉતારા–રૂમની બહાર વરંડા-રૂમમાં જાય છે. સૌનાં હૃદયમાં આનંદ–ઉત્સાહનો મહાસાગર, પૂનમની ભરતી વખતે ઘૂઘવે તેનાંથી પણ અધિક રીતે હિલોળા

મારી રહ્યો છે. જેનાં વર્ણન માટે કલમ તો બહુ જ ટૂંકી પડી રહી છે. એ તો જાતે અનુભૂતિ કરી હોય તે જ જાણી શકે. પ. પૂ. શ્રી મા–પ્રભુ ધવલ વસ્ત્રો પરિધાન કરી હાસ્યમંડિત વદને સૌની વચ્ચે સોફાપર બિરાજમાન થાય છે. બાળકોનો આનંદ જોઈ પૂ. શ્રી મા પણ ખૂબ જ ખુશ છે.

'યાત્રાના આરંભે કરીએ પ્રાર્થના' પદ ગવાય છે. પ. પૂ. શ્રી મા–પ્રભુ સૌને મિઠાઈનો પ્રસાદ અને આશીર્વાદ આપી યાત્રાનો પ્રારંભ કરાવે છે.

સૌ બાળકો બસમાં, પોતાનો સામાન ગોઠવી પોતાની બેઠક લે છે. પ. પૂ. શ્રી મા–પ્રભુ માટે તાતાસુમો ગાડીની વ્યવસ્થા કરવામાં આવી છે. પૂ. શ્રી મા–પ્રભુ ગાડીમાં બિરાજમાન થાય છે. પૂ. મા સાથે, શ્રી મધુભાઈ તથા બીજા થોડા ભક્તો ગાડીમાં ગોઠવાય છે. શુભ ઘડીએ પ્રસ્થાન કરી ગાડીઓ યાત્રા માટે આગલ વધે છે. રસ્તે બસમાં સૌ આનંદ–ઉત્સાહપૂર્વક સતત, ધૂનો ગવડાવતા–ગાતા યાત્રા આગળ રધી રહી છે. પૂ. શ્રી માને નિર્જળા વ્રત છે. પરંતુ પોતાનાં બાળકોની ભૂખ–તરસની એ જનનીના ઉરે સતત ચિંતા રહે છે. રસ્તે વચ્ચે વચ્ચે ગાડી ઊભી રાખી સૌને ચોકલેટ તેમ જ બિસ્કીટનો પ્રસાદ આપતાં રહે છે. અને એ પ્રસાદના અલૌકિક સ્પર્શે સૌ ભૂખ–તરસ ભૂલી ધૂનની મસ્તીની મોજ માણતા આગળ જઈ રહ્યા છે.

બપોર થવા આવી છે. જરાપુર નામનું ગામ વચ્ચે આવે છે. અમારી બસ ગામમાંથી પસાર થતાં જ બગડે છે, અને અટકી પડે છે. પૂ. શ્રી માની ગાડી પાછળ હતી તે થોડીવારમાં જ બસ પાસે આવી પહોંચે છે. સહુ માની ગાડી પાસે દોડી જાય છે. અને

પૂ. માને હકીકતથી વાકેફ કરતાં પૂ. શ્રી માએ તુરત જ લખ્યું, 'અમે ૧૦ મિનિટ પહેલાં જ (રસ્તે) મધુભાઈને કહ્યું, આજે બપોરે સૌને ભોજન ના આપો. બે–બે થેપલાં આપો. દરેકને જીપ–બસમાં બે બે થેપલાં આપી દો.'

આમ પૂ. શ્રી મા તો અગાઉથી જ જાણતાં હતાં કે બસમાં ખરાબી થવાની છે. અને એટલે જ યાત્રામાં અગાઉથી જમવા–રહેવાની વ્યવસ્થા ગોઠવાયેલી હતી. છતાં પૂ. શ્રી માએ જ આર્ય-નિવાસના રસોડામાંથી થેપલાં બનાવડાવી લેવાની યોજના સહેતુક ઘડેલી, તે આ આકસ્મિક સંજોગોમાં મદદરૂપ થઈ. પ. પૂ. શ્રી મા–પ્રભુની અલૌકિક આર્ષદૃષ્ટિને લાખ્ખો પ્રણામ. ખોટકાયેલી બસ જ્યાં ઊભી હતી ત્યાં સામે જ ગુરુદ્વારા શીખ (લોકોનું ધાર્મિક સ્થળ) હતું. એટલે સૌને બેસવા–પાણી પીવાની વ્યવસ્થા સરળતા-થી થઈ ગઈ તો આ કૃપા કોણે કરી? પૂ. મા–પ્રભુએ જ આખી યાત્રાનો ભાર વહન કરેલો એની વધુ સ્પષ્ટતા જરૂરી છે ખરી!

આ ઘટના અંગે પૂ. માનો પ્રતિભાવ આ પ્રમાણે નોંધ્યો:–

પૂ મા લખે છે : ગાડી દૂર એકાંતમાં બગડી હોત તો?

: અને થેપલા (નાસ્તો) ના હોત તો?

: આ પણ તમારા સૌનું સ્વાગત જ ગણાય ને! મસ્જીદ હોત તો શું થાત?

: આવા પ્રસંગો જ આપણા ગુરુ બનીને આપણને શીખવે છે.

: ધીરજ રાખતાં શીખવે, ભરબપોરે અજાણી ભૂમિમાં ભજન કરાવતાં શીખવે.

: નવા ખુરશી ટેબલ પર ઉદારતાથી બેસાડે. કેવું સન્માન?

દરેક પ્રસંગોમાં શુભ જુઓ તો કોઈ ફરિયાદ ના રહે.

"જે કદી ફરિયાદ ન કરે તે સાચો ભક્ત"

એટલે તમે બધા આજના દિવસ માટે તો સાચા ભક્ત છો.

: માટે તો પ્રસાદ (ગુરુદ્વારામાં મળ્યો. આપણે ક્યાં માગ્યો? છતાં....

: એટલે સૌ હવે અટક બદલી દો. "ભક્ત."

: અમે બસ માટે જેક અને કારીગરો લેવાં ગયેલાં.

: આપણા સૌ વતી નિલેશ (ભાવનગર) ડ્રાઈવરોને મદદ કરે છે.

: પ્રાણીઓ કોણે કોણે નથી જોયાં? આપણે પણ એક જાત-ના પ્રાણી છીએ.

: પૂ. શ્રી કહેતા કૂતરા પાળવાનો જેને શોખ હોય તે બીજા જન્મે કૂતરા બનવાની તૈયારી કરે છે.

પ્રાણીઓ સવારે તો જોવાનાં છે. સાંજે પણ પ્રભુની ઈચ્છા હશે તો જોવા મળશે.

"ગુરુકા લંગર"માં ભોજન પણ મળશે.

આમ ઉપરોક્ત સત્સંગ પૂ. શ્રી મા સૌને ગુરુદ્વારામાં બેસાડી કરે છે. ધૂનો ગવાય છે. ગુરુદ્વારા બંધ હતું તે તેના પૂજારી આવી ખોલે છે. સૌને દર્શનનો લાભ આપે છે. તેમ જ સૌને પ્રસાદ પણ પ્રેમપૂર્વક આપે છે. વગર માંગ્યે આ બધું અજાણી ભૂમિમાં સર્વ પ્રકારની અનુકૂળતા સાથે બને છે. અને તે ત્યારે જ શક્ય બને કે પ. પૂ. શ્રી મા–પ્રભુની પૂર્ણ કૃપાદૃષ્ટિ તથા સંકલ્પો જ કામ કરતા હોય. માનવીય માપદંડની બહારની આ બધી વસ્તુઓનું લીલા-

દર્શન કરાવી પ. પૂ. શ્રી મા–પ્રભુ સૌ બાળકોમાં મા–પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા–ભક્તિ પર વ્રજલેપ કરી બખતર પહેરાવી રહ્યાં છે. જેથી જીવનમાં ગમે તેવા વિપરીત સંજોગો ઊભા થાય તો પોતાનો ભક્ત અડગ શ્રદ્ધાથી ઊભો રહી સમય–સંજોગોનો સામનો કરી મા–પ્રભુએ કરેલા સંસ્કાર ધડતરને દીપાવી ઊઠે અને આસપાસ રહેલા લોકોને પણ બતાવી દે કે દુનિયાનાં ગમે તેવા વિપરીત સંજોગો પણ અમને અમારાં સત્યપથ પરથી હલાવી ન શકે. સમર્થ શક્તિસ્વરૂપાએ પ. પૂ. શ્રી મા–પ્રભુને અંતઃકરણથી પ્રણામ.

પૂ. શ્રી મા ગુરુદ્વારામાં દરેકને ૫–૫ પ્રણામ કરવાની આજ્ઞા કરે છે. પૂ. શ્રી મા પણ સાથોસાથ પ્રણામ કરે છે. જુદા જુદા ધર્મો છતાં કેવો સમભાવ! એ તો પ. પૂ. શ્રી મા જેવાં સમર્થ સંતો જ બતાવી શકે. પૂ. શ્રી મા સૌ બાળકોની વચ્ચે જ બિરાજમાન થયાં છે. કોઈ જ વિશિષ્ટતાના દર્શન થવા દેતાં નથી. છતાં પરોક્ષ રીતે, ગુરુદ્વારામાં પધારી, ધરતી તેમ જ ધર્મસ્થળની મહત્તામાં, ચરણ-રજથી વધારો તો કર્યો. બાકી તો ભવિષ્ય જ કહી શકશે.

બસ રીપેર થતાં સૌ બસમાં ગોઠવાયા. યાત્રા આગળ વધે છે. રસ્તે સતત ધૂનોની મસ્તીનો આનંદ સહુ લૂંટે છે.

કોર્બેટ નેશનલ પાર્ક

સાંજ પડતા રામનગર–કોર્બેટ નેશનલ પાર્કનાં દ્વારે બસ તથા પ. પૂ. શ્રી માની ગાડી આવી પહોંચે છે. નેશનલ પાર્કમાં બસ માટે નો (NO) એન્ટ્રી છે. એટલે મુખ્યદ્વારથી સૌનો સામાન તથા સૌને જંગલખાતાદ્વારા પાંચ જીપ્સી જીપ ગાડીઓમાં ગોઠવી અંદર જંગલમાં લઈ જવાની યોજના બને છે.

અહીં પણ પ. પૂ. શ્રી મા–પ્રભુની કૃપાનું લીલાદર્શન સૌને

થયું. પૂર્વાયોજન મુજબ જંગલમાં અંદર રેસ્ટહાઉસમાં બધાંનો સમાવેશ થઈ શકે તેમ ન હોવાનું નક્કી થયેલ. એટલે અરધાએ અહીં રામનગર–શહેરની હોટલોમાં રહેવાનું હતું. આમ બે જૂથમાં જુદા જુદા રહેવું પડે તેવી પરિસ્થિતિ હતી. આયોજકોએ ખૂબ પ્રયત્ન કરેલા. છતાં જે શક્ય નહોતું બન્યું તે પ. પ. શ્રી માની સ્થૂળ ઉપસ્થિતિ થતાં જ શક્ય બની ગયું! જંગલખાતાના અધિકારીએ સામેથી જ સૌ માટે રહેવાની વ્યવસ્થા જંગલમાં રેસ્ટ-હાઉસમાં થઈ જશે એમ કહી સૌને જંગલમાં લઈ જાય છે. અન્યના બુકિંગવાળા ઓરડાઓ પણ ખોલી આપ્યા. સૌ માટે સરસ વ્યવસ્થા થઈ ગઈ. તો આ અધિકારીઓનાં માનસનું પરિ-વર્તન કોણે કર્યું? કોણે બધી વ્યવસ્થા કરી? અજાણ્યો પ્રદેશ, જંગલ વિસ્તાર અજાણ્યા અધિકારીઓ. મોઢેથી એક અક્ષર પણ બોલ્યાવિના જ થયું, તે કેવું કહેવાય!

પ. પૂ. શ્રી મા–પ્રભુએ જ સૌ બાળકો સાથે રહે તેવી વ્યવસ્થા માટે અધિકારીઓનાં માનસ બદલ્યાં. ઉષ્માભર્યો આવ-કાર, રહેવાની અને સુંદર ભોજનની વ્યવસ્થા પણ થઈ ગઈ.

પૂ. શ્રી માની ગાડી જંગલમાં ઉતારા પર પહેલા પહોંચી જવા છતાં પૂ. મા તો ઊતારાની બહાર જ ખુરશી પર બેઠાં બેઠાં પોતાનાં બાળકો બધા સહીસલામત સામાન સાથે આવી પહોંચે તેની રાહ જોતાં જ રહ્યાં. સૌ મા–પ્રભુ પાસે પહોંચ્યા.

પ. પૂ. શ્રી મા આખા દિવસની યાત્રાથી શ્રમિત હોવા છતાં તુરત જ શરીરને આરામ ન આપતાં બાળકો પ્રત્યેના વાત્સલ્ય-પ્રેમને લીધે સૌની રાહ જોઈ બહાર ખુરશીમાં જ બેઠાં રહ્યાં. સૌના ઊતારાની વ્યવસ્થા ગોઠવી, જમવાની વ્યવસ્થા ગોઠવી

ત્યારબાદ જ સૌથી છેલ્લે પોતાના રૂમમાં પ્રવેશ્યાં. કયા ધર્મગુરુ કે સંત આવો પ્રેમપૂર્ણ વ્યવહાર દર્શાવી શકે? વ્યવહારકુશળ વાત્સલ્ય-મૂર્તિ માના ચરણોમાં કોટિ કોટિ પ્રણામ.

જંગલની વચ્ચે રેસ્ટહાઉસ (ઉતારો) છે. લાઇટ–વીજળી માટે જનરેટરની વ્યવસ્થા (કલાકે/૧૫ રૂ. પ્રતિ રૂમનો ચાર્જ લઇ) કરવામાં આવેલ છે. પૂ. શ્રી મા સ્લેટમાં લખે છે કે:–

સૌ જમી લો, પછી જ લાઇટ શરૂ કરો અને સૂઇ જાવ.

સવારે (જંગલમાં) કેટલા વાગ્યે જવાનું છે? (સવારે ૬ થી ૮ એલીફન્ટ રાઇડ હોય છે.)

આજે જીપ તથા એલીફન્ટ રાઇડદ્વારા સૌ સવારના ૫–૩૦ વાગ્યે (તા. ૮–૫–૨૦૦૦) રવાના થાય છે. એલીફન્ટ રાઇડમાં ફક્ત નાની ઉંમરનાં બાળકોએ જ જવાનું હતું. પરંતુ અતુલભાઇ-દ્વારા મને તથા રાજીવભાઇને પૂ. માનો સંદેશ આપવામાં ગેર-સમજ થતાં અમે બંને પણ નાના બાળકો સાથે એલીફન્ટ રાઇડ-માં જોડાયા. એક હાથી પર ચાર જણ બેસીને જઇ શકાય છે. પરંતુ નાના યુવાનો હોવાથી બંને હાથી પર પાંચ પાંચ જણને બેસાડવામાં આવ્યા. ધીરી ચાલે હાથીઓ જંગલમાં આગળ વધે છે. મહાવત અંકુશ હાથમાં લઇ આગળ બેઠો છે. અમે થોડા અવાજ સાથે બાવની ગાવાનું શરૂ કર્યું. થોડીવાર તો મહાવત કંઇ બોલતો નથી પરંતુ થોડા સમયબાદ જેવા જંગલ અંદર પ્રવેશ્યા તુરત જ પ્રાર્થના મનમાં ગાવાની સૂચના આપી. તેથી સૌ ધીરેથી બાવની ગાવા લાગ્યા. એલીફન્ટ રાઇડનો સૌ માટે પ્રથમ અનુભવ હતો. સૌને અનેરો આનંદ હતો. ગાઢ જંગલોની વચ્ચે પ્રકૃતિનું સૌંદર્ય–જુદી જુદી જાતનાં ઝાડ–પાન, વનરાજી તથા પશુ–પ્રાણી-

ઓ–પક્ષીઓનાં દર્શન–અવાજો સાંભળતાં આગળ જંગલમાં પ્રવેશીએ છીએ. કોર્બેટ નેશનલ પાર્ક વાઘનું એશિયામાં સૌથી મોટું અભયારણ્ય ગણાય છે. અહીં જંગલમાં વાઘ, વરૂ, દીપડા, સ્પોટેડ ડીયર (હરણો) તથા અન્ય પ્રાણીઓની વસ્તી છે. મહાવતદ્વારા વાઘ જે જે જગ્યાએ હોવાની શક્યતાઓ હતી ત્યાં હાથીને લઇ જવામાં આવે છે. પરંતુ ક્યાંય વાઘની મુલાકાત થતી નથી. અમુક જગ્યાએ વાઘ પસાર તયેલ હોય છે તેનાં પગલા મહાવત અમને બતાવે છે. અને ઝાડ પરવાઘનાં નહોરથી પાડવામાં આવેલ લીટાઓ–નિશાનીઓ અમને બતાવે છે. આ દ્વારા દરેક વાઘ પોતાની સત્તાનો જંગલ–વિસ્તાર નક્કી કરે છે જેથી બીજો વાઘ તે હદમાં પ્રવેશતો નથી. જંગલમાં વાનરો સંખ્યાબંધ હતા. પ્રકૃતિ-ની ગોદમાં સહુ પ્રાકૃતિક જીવન જીવી રહ્યાં છે. અને આનંદથી મોજમસ્તી માણી રહ્યા છે. આપણે પણ સંસારરૂપી જંગલમાં જેટલું સાદું–સીધું, સરળ અને પ્રાકૃતિક જીવન જીવીશું તેટલું જ સારું છે. અને આપણા ઇષ્ટ(ભગવાન)ની નજીક જઇ શકીશું.

એક કેનેડીયન ફેમિલી અહીં આવેલું છે. બે બ્હેનો પૂ. શ્રી માના રૂમની બહાર વરંડામાં ખુરશી પર દર્શન માટે આવી બેસે છે. પૂર્વજન્મના પુણ્યોદયથી આ બહેનો ભારત પહેલી વખત આવેલાં છે અને દિલ્હી પ્લેઇનમાં ઊતરીસીધાં જ અહીં કોર્બેટ નેશનલ પાર્કમાં આવ્યાં અને પ. પૂ. શ્રી માનાં દર્શન–સત્સંગનો લાભ મળી જાય છે. માનવદૃષ્ટિથી જોતાં આપણને તે આકસ્મિક ઘટના દેખાય છે. પરંતુ પૂ. શ્રી મા તો અગાઉથી જ બધું જાણતાં જ હશે. કયા કયા જીવ પર ક્યાં અને કેવી કૃપા કરવી? મને તો આ મિલન–પૂ. શ્રી માની લીલાનો એક ભાગ જ લાગ્યો, કારણ કે જે લોકો કદી જમીન પર નીચે બેસવા ટેવાયેલ નથી તે લગ-

ભગ અડધો કલાક જેવો સમય પૂ. માની સન્મુખ પ્રેમપૂર્વક આવીને બેસે છે અને સત્સંગ થાય છે. પૂ. શ્રી મા સ્લેટ પર લખે છે કે:–

કેનેડા–કેલગીરીમાં ૮ જુલાઈથી ૫ ઓગસ્ટ–૨૦૦૦ સુધી શિબિર છે.

ઓગસ્ટમાં ટોરોન્ટો મળજો.

કેનેડામાં વિદ્યાર્થીઓ ધ્યાનકેન્દ્ર ચલાવે છે.

ભારતમાં તમને શું ગમ્યું?

પૂ. મા : દર વરસે ભારત આવો છો?

બહેન : પહેલી વખત જ ભારતની મુલાકાત છે.

પૂ. મા : દિલ્હી ક્યાં ક્યાં ફર્યા?

બહેન : દિલ્હી ઊતરી અહીં જ સીધી આવી છું.

પૂ. મા : હવે તમારો પ્લાન શું છે?

તેમનું નામ/ફોન નંબર Viktoria Wosk (416) 588–0688

પૂ. શ્રી મા જીજ્ઞેસભાઈ, રાજુભાઈને કહે છે :

–છોકરાઓ કેનેડાવાળા યાત્રિકોને સત્સંગ કરાવો.

–મા, સાંભળે તેમ.

જીજ્ઞેસભાઈ, મેડિટેશન, શિબિર કાર્યક્રમ, ધ્યાનકેન્દ્ર પ્રવૃત્તિ વિગેરે બાબતે અંગ્રેજીમાં તેમની સાથે સત્સંગ કરે છે. તે બહેનો ખૂબ રસપૂર્વક સાંભળે છે. પૂ. શ્રી માએ તેમને કેનેડાના શ્રી સુરેશભાઈ શાહનાં ફોન નં./એડ્રેસ આપ્યાં અને ઓગસ્ટમાં મળવા જણાવ્યું.

આમ આ યાત્રા ફક્ત ૩૪ જણનાં લાભાર્થે જ ન હતી પરંતુ કંઈક જીવોનાં ઉદ્ધાર માટે પૂ. શ્રી મા સંકલ્પબદ્ધ હશે તેની પ્રતીતિ આ ઘટના કરાવે છે. નહીંતર એક અંગ્રેજ બેનને વળી સીધું જ મા પાસે બેસવાનું મન જ કઈ રીતે થાય? વિશેષ તો તે પરમ ઉદ્ધારક મા ભગવતી સ્વરૂપા જ જાણે. (ક્રમશઃ)

ગુરુપૂર્ણિમાની ઉજવણી

સુરત, મોરબી, ભાવનગર અને વડોદરા ખાતે ગુરુ-પૂર્ણિમાની ઉજવણી પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી અને પૂ. મા શ્રી સર્વેશ્વરીનાં સ્વરૂપોનું શાસ્ત્રોક્ત વિધિપૂજન કરીને કરવાના સમાચાર છે. તે પ્રસંગે પૂ. શ્રીની વાણી ને ભજન ધૂન ઉપરાંત પૂ. શ્રીના જીવનની વિશેષતાઓ પણ દર્શા-વવામાં આવી હતી.

મોરબી ધ્યાનકેન્દ્રે પૂ. શ્રી ગુરુદેવની પાદુકાના પૂજન પછી શોભાયાત્રા કાઢી હતી. ધ્યાનકેન્દ્રને ૨૫ વર્ષ પૂરાં થતાં હોવાથી આ વર્ષમાં અધ્યાત્મના ૨૫ આજીવન સભ્યો નોંધવાનો શ્રી હરિભાઈ ભોજાણીએ સંકલ્પ કરી, એ દિશામાં કામ આરંભી દીધું છે. તે બદલ અભિનંદન.

બધાં જ કેન્દ્રોમાં પૂજન બાદ પ્રસાદ વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

યાત્રાના આરંભે

શ્રી રાજુભાઇ જાની

[શ્રી રાજુભાઇ જાની–વ્યવસાયે બેન્ક ઓફિસર છે. સર્વ-મંગલ ચેરિટેબલ ટ્રસ્ટના ચેરમેન છે. નિદાનયજ્ઞો અને બીજી સેવાની પ્રવૃત્તિઓમાં એમની આયોજનની આગવી સૂઝ તરી આવે છે. ઓછાબોલો સ્વભાવ છતાં દરેક ઘટનાને બુદ્ધિપૂર્વક વિચારી તેનો આધ્યાત્મિક અર્થ ઘટવવાની તેમની સૂઝ સારી છે. પૂ. માએ છેલ્લી ઘડીએ આ યાત્રામાં જોડાવાનો આદેશ આપીને એમની શ્રદ્ધાની કસોટી કરી. પરિણામે અધ્યાત્મના વાચકોને તેમના લખાણનો લાભ મળ્યો. તેમની નોંધ પણ ઘણી વિસ્તૃત છે. જે ટૂંકાવવી પડી છે. છતાં રસ ક્ષતિ ના થાય તેનું ધ્યાન રાખવા પ્રયત્ન કર્યો છે. —તંત્રી]

હવે શ્રી રાજુભાઇ જાનીએ આ અંગે શું નોંધ્યું છે, તે જોઇએઃ–

યાત્રાના આરંભે જ પૂ. શ્રી શ્રી માએ પ્રભુને સહુ કોઇને સર્વ પ્રકારે સહાયરૂપ થવા પ્રાર્થના કરી અને તેના પરિણામરૂપે આ આખીય યાત્રાના સમગ્ર આયોજનને જાણે પ્રભુએ જ ઉપાડી લીધું હોય તેવી પ્રતીતિ સૌ કોઇ બાળકોને પણ યાત્રા દરમ્યાન જુદા જુદા પ્રસંગોએ થવા લાગી. સામાન્ય રીતે અગાઉની યાત્રાઓ કોઇ પણ પૂર્વઆયોજન વગર જ હાથ ધરાયેલી, પરંતુ આ વખતે બાળકોને કોઇ મુશ્કેલી ન પડે માટે પૂ. શ્રી માએ દીપકભાઇ અને દિવ્યેશને અગાઉ મોકલી થોડું પૂર્વ આયોજન

ગોઠવેલું. તેમ છતાં તેમાં આવેલા સર્વ વિઘ્નોને સહજ રીતે જ પ્રભુએ હટાવી દીધાં. અને બાળકોને એ અહેસાસ કરાવ્યો કે અમે તમારી સાથે અને પાસે જ છીએ.

વેકેશન સમય હોવાની તમામ સ્થળોએ રહેવાની સારી જગ્યાઓ મેળવવી મુશ્કેલ હતી અને તે પણ લગભગ ૩૪ જણના ગ્રૂપ માટે. તેમ છતાં યાત્રાના આરંભે પ્રભુને પ્રાર્થનાદ્વારા બાળકોએ આમંત્રણ આપી સાથે રહેવા વિનંતી કરી તો પ્રભુએ પણ આ યાત્રામાં સાથે રહી આયોજનની ખૂટતી કડીઓ જોડી આપી, સુંદર રીતે સહાય કરી. જેના પરિણામે આખીય યાત્રા સર્વ બાળકો માટે આનંદપ્રદ આરામદાયક અને યાદગાર બની રહી.

હરિદ્વારથી સવારે પ્રસ્થાન કર્યા પછી લગભગ બપોરના મધ્યાહ્ન સમયે જ્યારે જસપર ગામમાંથી પસાર થઇ રામનગર તરફ જઇ રહ્યા હતા તે સમયે જ ગામની બરોબર મધ્યમાં જ બસનો પાટો તૂટયો. નિર્મિત ઘટનાઓ તો ઘટે જ છે પરંતુ પ્રભુ એ ઘટનાઓને એવી રીતે ગોઠવી દે છે જેના કારણે એ વિઘ્નો બહુ સહજ અને હળવા બની રહે છે. બસ ગામમાં જ બગડ-વાથી મિકેનીક અને જરૂરી પાર્ટસ/સાધનો સહેલાઇથી ઉપલબ્ધ બની રહ્યા. પૂ. શ્રી મા પોતાની ગાડીમાં જ મીકેનીકને લઇ આવ્યાં. બસ જ્યાં અટકી ગયેલી તેની સામે જ એક ગુરુદ્વારા હતું. પૂ. માની આજ્ઞા લઇ બાળકોએ બપોરનું ભોજન બાજુમાં જ આવેલી એક ટેબલ ખુરશી બનાવતી લાકડાની ફેક્ટરીમાં બેસી લીધું. બસ રીપેર કરતાં થોડો સમય લાગે તેમ હતો. પૂ. શ્રી માએ સૌ બાળકોને ગુરુદ્વારામાં બેસી સત્સંગ કરવા જણાવ્યું. પૂ. શ્રી મા પણ ગુરુદ્વારામાં પધાર્યાં, અને તીર્થસ્થાન કોઇ પણ ધર્મનું કે દેવનું હોય, તેની પ્રત્યે સન્માનના ભાવની અભિવ્યક્તિ કરી. આ

ઘટનામાં પ્રભુએ સહાય ન કરી હોત અને બસ ગામની બહાર આઠ/દશ કિલોમીટર ગયા પછી અટકી હોત તો તેને રીપેર કરાવવામાં કેટલી બધી મુશ્કેલી પડત! અને સૌ બાળકો પણ ગરમીમાં કેટલા પરેશાન થયા હોત! પ્રભુએ ઘટનાને ટાળવાને બદલે એવી સુવ્યવસ્થિત રીતે આયોજીત કરી આપી કે બાળકોને માટે તે સહજ બની રહી.

કોર્બેટ નેશનલ પાર્ક યાત્રાનું પહેલું વિશ્રામ સ્થાન હતું જંગલની વચ્ચે ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટના ગેસ્ટહાઉસમાં મર્યાદિત વ્યક્તિઓ માટે જ રહેવાની વ્યવસ્થા થઇ શકેલી. છતાં પ્રભુમાંની અચળ શ્રદ્ધા અને પૂ. મા પ્રત્યેનો અનન્ય વિશ્વાસ સૌ બાળકોમાં હતો. માત્ર બે રૂમ મળેલા. બાકીની વ્યક્તિઓને બહાર રહેવું પડે તેમ હતું. સૌના આશ્ચર્ય વચ્ચે ત્યાંના વ્યવસ્થાપકોએ થોડી વારમાં જ ધીરે ધીરે સૌ માટે ઉતારાની વ્યવસ્થા ગોઠવી આપી! પ્રભુએ જ કદાચ તેમના હૃદયમાં એ ભાવના પ્રગટાવી નહીંતર રાત્રિ મુકામની વ્યવસ્થા વગર જંગલના એ વિસ્તારમાં રાત્રિ બાકીની વ્યક્તિઓ કેવી રીતે પસાર કરત?

નૈનિતાલમાં ઉતારાની વ્યવસ્થા ગોઠવાયેલી પરંતુ શુદ્ધ અને સાત્ત્વિક ભોજન બાળકોને ક્યાં આપવું તે એક સમસ્યા હતી. સાંજે બાળકો બોટીંગ માટે ગયા તે દરમ્યાન ફરતાં ફરતાં જ બે સ્થળ ભોજન માટે યોગ્ય લાગ્યાં. બાળકોની ઇચ્છા પ્રમાણે સરસ ભોજન પેરેડાઇઝ ડાઇનીંગ હોલમાં ગોઠવાયું તો સાંજે શુદ્ધ વૈષ્ણવ ભોજન જમાડતા શર્માજીનો પણ પરિચય થઇ ગયો. પર્યટનના આવા સ્થાનમાં પણ પ્રેમથી શુદ્ધ અને સાત્ત્વિક ભોજન આપનારી વ્યક્તિઓનો સહજ રીતે જ પરિચય થયો અને સંતોષ-પ્રદ ભોજન સૌને ઇચ્છા પ્રમાણેનું મળી રહ્યું, તે પ્રભુની કૃપા કે અનુગ્રહ વગર શક્ય બને ખરું?

પ્રકૃતિની આ પૃથ્વી ઉપર ત્રણ મોટામાં મોટી દેન છે. જંગલો, પર્વતો અને નદીઓ. જેની ઉપયોગીતા અને અનિવાર્યતા સૌ કોઇ સમજે છે, જાણે છે. પ. પૂ. શ્રી માએ આ યાત્રા દરમ્યાન બાળકોને પ્રકૃતિનાં આ પ્રતીકો સાથે પરિચય કરાવવાનું આયોજન ગોઠવ્યું. કુદરતે કેવી મોટી ભેટ માનવ જીવનને આ ત્રણેયના સર્જનદ્વારા ધરી છે તે તો તેની સમીપ અથવા તેની વચ્ચે જઇને વસીએ તો જ જાણી શકાય. પ્રકૃતિના જ સર્જક પ્રકૃતિના સાન્નિધ્યમાં યુવા બાળકોની સંગ પહોંચી ગયાં.

કોર્બેટ નેશનલ પાર્કના વિશાળ લાંબા અને ઘનિષ્ટ જંગલોથી તે યાત્રાની શરૂઆત થઇ. ચારે તરફ ફરતા પહાડી વિસ્તારની વચ્ચે ઊંચા લાંબાં વૃક્ષો અને તેની ફરતે ઘાસનાં બીડો જંગલોને અપ્રતિમ શોભા દેતાં હતાં. પક્ષીઓના કલરવ, પ્રાણીઓના અવાજ વચ્ચે પણ જાણે નીરવ શાંતિનો અહેસાસ સતત થતો હતો. પોતાના અસ્તિત્વ માટે સદાય ભયભીત રહેતાં હરણાંઓ કે સાંભર હરણો માનવ ઉપસ્થિતિથી જાણે વધુ ભયભીત બનતાં હોય તેમ તેમની પાસે પહોંચતાં જ દૂર દૂર નીકળી જતાં. જંગલોમાં વાઘ, તેમ જ ચિત્તા જેવાં હિંસક પશુઓ આ જંગલમાં ઉપલબ્ધ હતાં.

જંગલમાં પ્રવેશતાં જ પૂ. શ્રી માએ સૌને સમજાવ્યા કે જેમ આપણું જીવન છે તેમ આ વન્ય જીવો અને વૃક્ષોનું પણ જીવન છે. તમારી ઉપસ્થિતિથી તેના જીવનમાં કોઇ ખલેલ ન પહોંચે તે તકેદારી સૌ રાખે. શાંતિમય સહઅસ્તિત્વનો કેવા સરસ સંદેશ સૌ બાળકોને પૂ. શ્રી માએ આપ્યો.

યાત્રાના બીજા તબક્કામાં પૂ. શ્રી માએ નૈનિતાલ અલ્મોડા અને રાણીખેત જેવા પહાડી પ્રદેશથી સૌને પરિચિત કર્યાં. બાળકો-ને જુદાં જુદાં સ્થળે ટ્રેકીંગના નાના નાના આયોજન કરી

તેમનામાં સાહસિકતા, ખડતલપણું અને આત્મવિશ્વાસ વધે તેની માવજત પૂ. શ્રી માએ લીધી. પહાડોના શાંત અને નીરવ એકાંત વચ્ચે બાળકોને પ્રકૃતિના સાચા સૌંદર્યનો સ્પર્શ તેમણે કરાવ્યો. કોર્બેટ નેશનલ પાર્ક ખાતે સૌ બાળકોને હાથીની સવારી કરાવી તો નૈનિતાલના પહાડો પર ઘોડેસ્વારીનો અનુભવ આપ્યો. વાદળોની વચ્ચે વાદળોથી પણ ઉપર પહાડોની ટેકરીઓ પરંતુ એ વિચરણ સૌ બાળકોના જીવનમાં એક અવિસ્મરણીય ઘટના તરીકે અંકિત થઇ ગયું.

પહાડોની વચ્ચે આવેલા નૈની તળાવની અંદર બે વખત બધા જ બાળકો સહ મોટેરાઓને બોટીંગ માટે મોકલી બોટમાં બેઠા બેઠા જ આસપાસના સૌંદર્યની મસ્તીને માણવાની ઉમદા તક પણ પૂ. શ્રી માએ આપી.

અંતિમ તબક્કામાં નદીઓના ઘાટ અને સંગમ પ્રદેશોમાં પૂ. શ્રી મા સૌ બાળકોને લઇ ગયાં. ઊંચા પર્વતીય પ્રદેશમાંની વહી આવતી નાની નાની ધારાઓ કેવી વિશાળ નદીઓનું રૂપ મેદાનીય પ્રદેશમાં આવતાં ધારણ કરે છે તેનું દર્શન સૌએ કર્યું. પહાડોમાંથી નિકળતા ઝરણાંઓના માર્ગમાં કંઇ કેટલીય અડચણો, વનરાજીઓ, આવ્યા જ કરે છે છતાં તે એક ચોક્કસ ધ્યેય સાથે વહેતાં જ રહે છે. અને જેમ જેમ તે નદીનું સ્વરૂપ ધારણ કરતાં જાય છે તેમ કંઇક અનેક ઉપકારો માનવોપર તે કરતી જ રહે છે. આપણે પણ જીવનમાં સંઘર્ષો અથવા તો મુશ્કેલીઓથી વિચલિત થયા વગર પ્રભુપ્રાપ્તિના આપણા ધ્યેય તરફ સતત આગળ વધતા જ રહેવાનું છે. અને આ વિકાસ માર્ગે આવતી તકોનો ઉપયોગ કરી જે કંઇ થઇ શકે તે યથાશક્તિ સત્કર્મો કરતા જવાનાં છે. એવો જીવન સંદેશ આ વહેતાં ઝરણા પાસેથી સાધકને પ્રાપ્ત થાય છે.

પ્રભુકૃપા સૌની સાથે છે જ તેથી ધ્યેયને પૂર્ણ કરવું બહુ મુશ્કેલ નથી તેવું સમજાવવાનો કેવો સ્તુત્ય પ્રયાસ આ પ્રવાસના આયોજનદ્વારા પૂ. શ્રી માએ કર્યો.

પ્રકૃતિએ પણ આ યાત્રાને કેવી સુંદર રીતે વધાવી લીધી. અંબાજી ખાતે અસહ્ય ગરમી હોવાના કારણે જ શરૂઆતમાં રાજસ્થાનના તીર્થોની યાત્રાનું આયોજન પૂ. શ્રી માએ મુલતવી રાખ્યું, પરંતુ બાળકો સાથેની આ યાત્રાના આયોજનની જાહેરાત કરતાં જ પ્રકૃતિ પણ આનંદવિભોર બની વરસી ઊઠી. અંબાજી ખાતે વરસાદની નાનકડી હેલીએ આસપાસના વાતાવરણને ઠંડુ કરી દીધું. પોતાના હૈયાને મળેલી ટાઢકનો સ્પર્શ જાણે તે પૂ. શ્રી માને કરાવતા હોય તેવું લાગ્યું.

તે જ પ્રમાણે તા. ૫ મી મે એ હરિદ્વાર પહોંચ્યા તે પહેલાં ત્યાં અસહ્ય ગરમીનું મોજું હતું. ૪૨° સે. ગ્રે. ટેમ્પરેચર હોવાથી વાતાવરણ યાત્રિકો માટે અસહ્ય બનેલું. પરંતુ પૂ. શ્રી માના પાવન પગલાઓને આવકાર આપતા શ્રી ગંગાજીના આ પ્રદેશમાં પણ સુંદર વરસાદે સૌને શારીરિક ટાઢક ધરી. તે પછી પૂ. શ્રી મા બાળકો સાથે જ્યાં જ્યાં વિચર્યાં તે સર્વ પ્રદેશોમાં પ્રકૃતિ તેમને અનુકૂળ બનતી રહી તેના કારણે જ સૌ બાળકો આ પ્રવાસને ખૂબ મસ્તીથી માણી શક્યાં. પ્રકૃતિ સાથે પ્રેમથી રહો. તેના પ્રતીકો સાથે શાંતિમય સહ અસ્તિત્વ જાળવો તો માનવજીવનને નવપલ્લવિત કરી તેમાં નવા રંગો ભરવાની ક્ષમતા તેમાં વિપુલ છે. તે દર્શન સૌ બાળકોએ પ્રકૃતિની વચ્ચેના આ વિચરણ દરમ્યાન કર્યું. પ્રકૃતિ સાથેના પ્રેમના આ પાઠ શીખવનારાં અમારાં શ્રી શ્રી માના ચરણે કોટિ કોટિ વંદન.

આ યાત્રાનું આયોજન પૂ. શ્રી માએ બાળકોને લક્ષમાં રાખી

કરેલું. એક ડગલું તમે ચાલો હરિ દસ ડગલાં સામે આવે. તેવું જ કંઇક આ યાત્રાની દેન સૌ માટે બની રહી. પોતાના તન અને મનથી પ્રભુના કાર્યને બાળકોએ સ્વર્ગારોહણના નિવાસ દરમ્યાન ઉપાડી લઇ પ્રભુની કુટિયાને એક નવું સ્વરૂપ આપ્યું. તો એ સૌ બાળકોને પોતાનું સતત સાન્નિધ્ય આ યાત્રા દરમ્યાન પૂ. શ્રી માએ આપી પોતાની અપાર મમતા, સતત વહેતા સ્નેહ અને પ્રેમની સાથે પ્રસાદોનો વરસાદ વરસાવી, તેમના જીવનને એક નવું જ રૂપ ધર્યું. સામાન્ય રીતે પોતાના આરાધ્ય પ્રતિ ભક્તો પોતાના ભાવોને વહાવે છે. પરંતુ યાત્રાના આરંભથી અંતસુધી પૂ. શ્રી માએ જ સૌ બાળકોને પોતાના અપ્રતિમ પ્રેમસાગરમાં, એવા ડૂબાડી દીધા કે એક એક બાળકને મન પૂ. શ્રી મા જ જીવનનું લક્ષ્ય બની રહ્યું. તેમના વિના જીવનમાં કંઇક ખૂટે છે તેનો અહેસાસ સૌને કરાવ્યો.

પૂ. શ્રી માના ભારતના નિવાસ દરમ્યાન અંબાજી ખાતે પૂ. શ્રી ગુરુદેવ પ્રભુના સ્મૃતિહોલના નિર્માણનું કાર્ય તેમણે હાથપર લીધું હોઇ યાત્રા માટે સમય કાઢવો જ ખૂબ મુશ્કેલ હતો. તેમની અંબાજી કે અમદાવાદ ખાતેની કાર્ય વ્યસ્તતાથી અનેક સાધક ભાઇબહેનો વિદિત છે જ. તેમ છતાં આ યાત્રાના આયોજનદ્વારા પૂ. શ્રી મા તા. ૫ મે થી ૧૮ સુધી સૌ બાળકોના જ બની રહ્યાં. કદાચ આ યાત્રાની સહયાત્રી બનેલ પૂ. મા સૌ બાળકો માટે આજ મોટામાં મોટી ઉપલબ્ધી છે.

પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુએ પૂ. શ્રી માના સાન્નિધ્યને પ્રાપ્ત કરવા કેવી કઠોર તપશ્ચર્યા અને વ્રતો કર્યાં, કેવી પ્રાર્થનાઓ કરી, કેટલું તલસ્યા અને તેના પરિપાકરૂપે જ પૂ. શ્રી શ્રી મા પ્રગટ-સ્વરૂપે આપણને સૌને મળ્યાં. તેવાં ભગવતી સ્વરૂપા શ્રી શ્રી માનું

પ્રકટ સાન્નિધ્ય સતત ૧૪/૧૫ દિવસ મળી રહ્યું તેનાથી વિશેષ બીજું વધારે મૂલ્યવાન શું હોઇ શકે? પૂ. શ્રી માના સતત સાન્નિધ્યની અપ્રતિમ દેન સૌ બાળકો માટે જીવનની એક શ્રેષ્ઠ સ્મૃતિ બની રહેશે.

સમગ્ર યાત્રા દરમ્યાન સૌ બાળકોના માનસ પટ પર પૂ. શ્રી મા સતત છવાયેલાં રહ્યાં. યાત્રાના આરંભથી અંતસુધી પૂ. શ્રી મા પણ બાળકોની વચ્ચે જ રહી બાળકોનાં જ મા બની રહ્યાં. પોતાની મહાનતા કે સ્વતત્વને તેમણે ક્યારેય વચ્ચે આવવા ન દીધું. તેમ છતાં તેમના જીવનઘડતરના જરૂરી પાઠો પણ પોતાની વાતો દ્વારા કે વ્યવહાર દર્શનથી સૌને તેમણે શીખવ્યા. યાત્રા દરમ્યાન દરેક બાળકોને વારાફરતી તેની જરૂરીયાત ને લક્ષમાં રાખીને પોતાની પાસે સુમો ગાડીમાં બેસાડી પવિત્ર સાન્નિધ્ય આપ્યું. તેમની સાથે દિલસ્પર્શી વાતો કરી તેમની અપેક્ષાઓ અને સમસ્યાઓને સમજી જરૂરી સૂચનો અને માર્ગદર્શન પૂ. શ્રી મા સતત આપતાં જ રહ્યાં. સૌ યુવા બાળકોને પણ પોતાની સમસ્યા-ઓ અને મનની વાતો નિર્ભીક રીતે વ્યક્ત કરવાનું એક સ્થાન પૂ. શ્રી માએ તેમના હૃદયની સમીપ જઇને ખોલી આપ્યું. સૌએ યાત્રા દરમ્યાન પોતાની વાતો દિલ ખોલીને પૂ. શ્રી મા પાસે કરી અને પૂ. શ્રી માએ પણ સંતોષપ્રદ રીતે તેનું સમાધાન સૌને આપ્યું. અંગ્રેજીમાં જેને 'Human Touch' કહેવાય છે. તેવા નાજુક સ્પર્શથી બાળકોના દિલોને સાફ કરી મા હળવેકથી સૌ બાળકોના હૃદયમાં પ્રસ્થાપિત થઇ ગયાં. કેવો સુંદર સુયોગ આ યાત્રાએ આ ભાગ્યશાળી બાળકો માટે સર્જ્યો!

(ક્રમશઃ)

સદ્‌બુદ્ધિનો સૂર્યોદય થાય ત્યારે સંસારના પદાર્થોની ક્ષણભંગુરતાનો વિચાર કરવાથી, એમના તરફ ઉપરામતા કે ઉદાસીનતા–કહો કે વૈરાગ્ય પેદા થશે. તેની મદદથી મોહ આપોઆપ ઓછો થશે. ને રહ્યોસહ્યો રસાસ્વાદ પણ પ્રભુનું દર્શન થતાં નષ્ટ થઈ જશે. યોગેશ્વરજી

સૌજન્ય :

YOGA & TOTAL HEALTH CENTRE

ડો. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

" નિરાંત "
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત–૩૯૫ ૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩
મોબાઈલ : ૯૮૨૪૦૪૩૦૩૩

E–mail :
hpathakji@yahoo.Com

સુણ્યો જંગલોનો સાદ

દક્ષેશ કોન્ટ્રેક્ટર

[ભાઈ શ્રી દક્ષેશ કોન્ટ્રેક્ટર એક આગવી સૂઝ અને દૃષ્ટિ ધરાવતો બુદ્ધિશાળી કોમ્પ્યુટર નિષ્ણાત–યુવક છે. પૂ. માંમાં એની શ્રદ્ધા ઘણી છે. 'પાગલને પગલે'માં પૂ. માના સાન્નિધ્યે તે તર્કની તળેટીથી શ્રદ્ધાના શિખરે પહોંચેલો છે. કોર્બેટ નેશનલ પાર્ક વિષેનું એનું અવલોકન કેવું છે તે એના જ શબ્દોમાં જોઈએ. સરસ છે, સહુને ગમશે. — **તંત્રી**]

પ્રાણીઓનું મૂક નર્તન, પક્ષીઓનો કિલકિલાટ,
સુમધુર સંગીત ઝરણાનું, પવનનો મંદ સાજ;
આ બધા ઉલ્લાસમાં એક તું જ બસ ગ્લાનિ ભરે !
કેટલી શાપિત છે માનવ–જિન્દગી ! તારો અવાજ !

તા. ૭ મે, ૨૦૦૦ ના રોજ પ. પૂ. મા સાથે જ્યારે અમારી સુમો ભારતની અગ્રગણ્ય Wild life sanctury એવા Corbett National Parkમાં દાખલ થઈ ત્યાં એક સુંદર લખાણવાળું બોર્ડ હતું. જેનો ભાવાર્થ એવો હતો કે આ અમારું રાજ છે. તમારી બોલી ગમે તેટલી સુંદર હશે પણ અમને તે પસંદ નથી. કૃપા કરી અમને ખલેલ ન પહોંચાડો અને એ બોર્ડની ઉપર વાઘ ચીતરેલા હતા.

સદીઓથી માણસ પોતાની આસપાસના પશુ–પક્ષીઓને પોતાના નિહિત સ્વાર્થ ખાતર જ ઉપયોગ કરતો આવ્યો છે. તેની સંવેદના, તેઓની લાગણીઓ અને તેમની સ્વતંત્રતાને કચડી

નાંખતો આવ્યો છે. પરિણામે આજે અનેક Spices જાતિઓ સમૂળગી નાશ પામી છે અથવા અલોપ થઇ જવાની અણિપર છે. થોડાક દયાળુ માણસોએ પશુઓના એ અબાધિત અધિકાર માટે આવા સુંદર પાર્ક બાકી રાખ્યા છે જ્યાં તેઓ મુક્ત રીતે હરી–ફરી શકે. કુદરત સાથે તાદાત્મ્ય સાધી શકે અને તેમની નૈસર્ગિક જીંદગી જીવી શકે. ભારત સરકારના પ્રયાસોથી એવી કેટલીક Wild life Sanctury બચી છે, જેમાં કોર્બેટ નેશનલ પાર્ક અગ્રિમ કહી શકાય.

કુલ ૧૩૫૦ ચોરસ કિલોમીટરમાં વિસ્તરેલો આ પાર્ક સારી એવી વનરાજીથી સુશોભિત છે. ઘાસના મેદાનો, પર્વતો, ઝરણાં, નાની નદીઓ અને વિવિધ પ્રકારની વનસ્પતિઓથી આ પ્રદેશ સોહામણો લાગે છે. શહેરના ધમાલીયા જીવનમાં અટવાતા માણસોને તો અહીં સ્વર્ગ જ લાગે! ચોતરફ, બસ નીરવ શાંતિ, બસ કુદરત જ કુદરત. માણસોનો કોઇ કોલાહલ નહીં. આવા સમયે આપણને ભાન થાય કે માણસવિના પણ સૃષ્ટિ છે અને તે પણ આટલી મધુરી. અહીંના પાર્કમાં મુખ્યત્વે વાઘ અને વિવિધ–પ્રકારનાં હરણોનો સમાવેશ થાય છે. છેલ્લી વસ્તીગણતરી વખતે પાર્કમાં આશરે ૧૩૦ જેટલા વાઘ હતા. અને પ. પૂ. મા સહિત અમે સૌ તેમના દર્શનાભિલાષી હતા. પાર્કમાં પ્રવેશતાં જ ઘણી જગ્યાએ અમને હરણોનાં ટોળાં દૃશ્યમાન થયાં. સોનેરી રંગનો વાન ધરાવતાં ટપકાંવાળાં Spotted dear બધામાં સૌથી અલગ તરી આવે. તેમનું સૌંદર્ય જોઇ ઘડીક થાય કે સુવર્ણમૃગથી ઘડીભર માતા સીતા મોહિત થયેલાં એ વાત સાચી હોઇ શકે. માથા પર મુગટ સમાન અવનવા આકારનાં શીંગડાં એની શોભામાં વધારો કરતાં. લગભગ છ–સાત કિલોમીટર જેટલું પાર્કમાં અંદર ગયા પછી અમારો જંગલનો ઉતારો આવી પહોંચ્યો.

શહેરની વૈભવી હોટેલો જેવો ઠાઠમાઠ અહીં ન હોય એ સ્વાભાવિક છે, અને હોવો પણ ન જોઇએ. નહીં તો જંગલમાં છીએ એ ખબર કેવી રીતે પડે! તે છતાં અમારો ઉતારો ઘણો સુંદર હતો. જંગલની વચ્ચે મઢૂલીના આકારમાં સરસ રૂમો હતી. બે ડોરમેટરીમાં નાના–મોટા બાળકો તથા અન્ય રૂમોમાં વડીલોની વ્યવસ્થા કરવામાં આવેલી. બધો સામાન ગોઠવાયા પછી પૂ. મા સમક્ષ સૌ એકત્ર થયા અને યાત્રાનો મહામંત્ર ૐ નમો ભગવતે યોગેશ્વરાયની ધૂન કરી, વન્ય જીવોને પૂ. માના આગમનના ખબર આપ્યા. સાંજ પડતાં હરણોનાં ટોળાં અમારા ઉતારાથી ત્રીસ–ચાલીસ ફૂટ છેટે નજરે પડવા માંડયાં. અમારા સૌ માટે એ રોચક ક્ષણો હતી.

દિવસભરની દડમજલ પછી ભૂખ્યા બાળકો માટે અહીંની રેસ્ટોરન્ટમાં સુંદર પંજાબી ભોજનનો પ્રબંધ થયો હતો. જેને સૌએ ન્યાય આપ્યો. ત્યાર પછી રાત્રે હોલમાં Wild life પર Natinal Geographic Channer વાળાએ અહીંની ઉતારેલી વિડીયો ફિલ્મ સૌએ પૂ. મા સહિત નીહાળી.

પૂ. મા અધ્યાત્મનાં શિખરો પર આસીન છે, છતાં પોતાના બાળકો માટે જે વાત્સલ્યભાવ વહાવે છે, તેવો જ ભાવ ફિલ્મ દરમ્યાન અબોલ પશુઓને જોઇને એમની આંખોમાં વાંચી શકાયો. વાઘ શિકાર કરવા કોઇ હરણ પર તરાપ મારે તો પોતાના કોઇ આમ પર હુમલો થાય ને વ્યક્તિ ચિંતામાં સફાળી થઇ જાય, તેવા ભાવો પૂ. માના ચહેરા ઉપર પણ અંકાયા. જાણે તેમને માટે તે પણ એમના બાળકો જ હતાં. અલાસ્કાની યાત્રા દરમ્યાન માછલીઓને પકડી અને તેને Process કરવાના Plant જોઇ પૂ. મા એવાં દ્રવી ઊઠેલાં કે પછી સૌ સહયાત્રીઓને એ બિચારા સમુદ્રી જીવો માટે નિર્જળા વ્રત કરી પ્રાર્થના કરવાનું કહેલું અને

કરેલું એ સૌને સુવિદિત છે જ. જાહેર જીવનમાં પૂજનીય વ્યક્તિઓની થાળીમાં ઘણીવાર Non–Veg.પદાર્થો પીરસાતા હોય છે. એવું સાંભળીએ ત્યારે ઘૃણાથી મન ભરાઇ જાય છે. એ સરખામણીમાં પ. પૂ. માનો આહાર અને આચાર સમગ્ર જનસમુદાય માટે આદર્શ અને અનુકરણીય કહી શકાય. પ. પૂ. મા છેલ્લા સોળ કરતાં વધુ વરસોથી માત્ર દૂધ–ફળ પર જ રહે છે તેનાથી સૌ માહિતગાર હશે જ.

જંગલની રાત્રિ એ માણવા જેવી ચીજ છે. આસપાસના બધા જ અવાજો શાંત થઇ ગયા હોય, બધે અંધારું હોય, ક્યાંક આગિયાનો પ્રકાશ અલપઝલપ આવતો હોય, ત્યારે દૂરથી કોઇ જંગલી પશુનો અવાજ રૂંવાટાં ખડાં કરી દે, જિસ્મમાં એક થડકાટ પેદા કરી દે. માણસ પોતાના જે પણ ઇષ્ટને માનતો હોય, તેને પોકારવાનું શરૂ કરી દે. એને માટે કોઇ કૃત્રિમ પ્રયાસ ન કરવો પડે, 'ભયવિના પ્રીત નહીં'–એ ઉક્તિ હેઠળ ઈશ્વરને પ્રીત કરવા માંડે, કરગરવા માંડે. સદ્‌નસીબે અમારો ઉતારો સુરક્ષિત હતો. રાત્રિના નીબીડ અંધકારમાં ખેલાતી શિકારની રમતો જોવાનું ચંદ્ર અને તારલાઓને સોંપી અમે પંખાના ફડફડાટ વચ્ચે રૂમોમાં પૂરાઇ ગયા.

બીજા દિવસનો સૂર્યોદય થયો ત્યારે તો સૌ બાળકો પ્રાતઃકર્મથી નિવૃત્ત થઇ તૈયાર થઇ ગયા હતા. તેમને ઇંતેજારી હતી જંગલમાં હાથીની સવારી કરવાની. પૂ. માના સૂચન મુજબ નાના બાળકોને એ અવસર સાંપડયો. અન્ય સૌ જીપ્સીમાં જંગલના વૈભવને માણવા નીકળી પડયા. દરેકની આંખો વાઘને શોધતી હતી પરંતુ જંગલના રાજા એમ કાંઇ થોડા નજરમાં પડે? એમને જોવા તો પ્રતીક્ષા કરવી પડે. નસીબ જોઇએ, સાડી તેરસો કિલોમીટરના વનમાં એકસો ત્રીસ વાઘ હોય અને આપણે દસ–બાર

કિલોમીટર ફરીએ તો એ દેખાઇ જાય એ તો સુખદ સંયોગ જ કહેવાય. પછી ભલેને મોટા રાજકારણી કે ઉદ્યોગપતિ ન જોવા આવ્યા હોય! કુદરતની એ જ તો કમાલ છે. ઘણીવાર લોકો દિવસો સુધી રહે પણ Show ન પડે અને ઘણાંને જતાંવેંત જ એ અનુભવ મળી જાય. અધ્યાત્મમાર્ગની જેમ આમાં પણ કોઇ વિશેષ નિયમો કામ કરતા હશે. એમ વિચારી મનને મનાવવું રહ્યું.

જંગલની સફર પછી સૌ જમીને યાત્રામાં આગળ વધવા નીકળી પડયા. જંગલમાં વ્યતીત કરેલા થોડા કલાકો–જો દૃષ્ટિ ખુલ્લી હોય તો–કેટલો અવનવો સંદેશ આપી જાય છે! સાંપ્રત સમયમાં જંગલો ઝડપથી કપાતાં જાય છે. વન્ય પ્રાણીઓને રહેવાનાં સુરક્ષિત સ્થાનો સુરક્ષિત નથી રહેતાં. આથી શિકારી પ્રવૃત્તિઓ દ્વારા તેમનો સતત નાશ થયા કરે છે. એ સમયે એક સમજુ વ્યક્તિ તરીકે આપણું શું કર્તવ્ય? પ. પૂ. મા તો મૌન રહે છે, પરંતુ આસપાસની વ્યક્તિઓને ઘણું ઘણું સમજાવતાં પણ રહે છે. વન્ય સૃષ્ટિને હાનિ કઇ રીતે થાય અને આપણે એ કેમ રોકવી એ પણ તેઓ પોતાના આચરણથી કહેતાં રહે છે. પ્લાસ્ટીક (Pllyethelene)ની થેલીઓ પર્યાવરણ માટે ઝેર સમાન છે. કાગળ કે અન્ય વસ્તુઓ ફરીથી કુદરતમાં recycle થઇ જાય છે અને પર્યાવરણનું ચક્ર ચાલુ રહે છે. જ્યારે પ્લાસ્ટીકને Degrade થઇ ફરી Recycle થતાં લગભગ બે હજાર વર્ષ થાય છે, હિમાલયના જંગલોમાં ઠેકઠેકાણે એ અંગેની સૂચના આપતાં બોર્ડ હતાં. આજકાલ દરેક વસ્તુઓ પ્લાસ્ટીકના પેકીંગમાં મળે છે અને પછી તેનાં રેપરો અને થેલીઓ કચરામાં આમ–તેમ ઊડતાં રહે છે. સમયાંતરે તેની ગંભીર અસરો પ્રકૃતિ પર થાય છે. પૂ. માથી એ વાત અજાણી નથી. તેથી જ બસમાંથી બહાર ફેંકાતા

ચોકલેટ–બિસ્કીટના કાગળીયાંઓ જોતાં જ સૂચના આપી કે આ બધાને ભેગા કરી શહેર આવે ત્યારે કચરાપેટીમાં Dustbinમાં નાંખી દેજો. પાણીની પ્લાસ્ટીકની બોટલો માટે પણ એ જ સૂચના હતી. સમાજના અંગ તરીકે એક આદર્શ માનવી તરીકેનું કર્તવ્ય પ. પૂ. મા ચૂકયાં ન હતાં, ઊલટું, તેમનાથી નાના અનેક બાળકોને પ્રેરણા ધરતાં હતાં.

યાત્રાના બીજે જ દિવસે નૈનિતાલ જ્યાં રોકાયેલાં, તે કુમાઉ મંડલના ગેસ્ટહાઉસમાં ભોજનાલયમાં Veg અને Non–Veg એમ બંને પ્રકારના પદાર્થો પીરસાતા હતા. એ હકીકતથી અજાણ સંચાલકોએ ખાવાનો ઓર્ડર આપ્યો અને પછી હકીકતની જાણ થતાં તે રદ કરવા પ્રયાસ પણ કર્યો, પણ ભોજન તૈયાર થઈ ગયું હોવાથી બાળકો તે જમ્યા. પ. પૂ. માને એ જરાયે ન રુચ્યું. તેમણે કડક શબ્દોમાં કહ્યું, પૈસા જોઈએ તો મા પાસેથી લઈ જવા હતા. પણ આ જગ્યાએ તો જમાય જ નહીં. ભલેને ખાવાનું તૈયાર થઈ ગયું હોય! હવે પછી આ બાબતનું ધ્યાન રાખજો. વિચારોની શુદ્ધિ વ્યવહારમાં ઉતરે ત્યારે આદર્શ બને છે, અને ક્રાંતિનું સર્જન થાય છે. વિદેશયાત્રાઓ દરમ્યાન પણ આવા અનેક પ્રસંગોમાં પૂ. માએ લોકોને અને ખાસ તો બાળકોને Non–Veg પદાર્થો છોડી દેવા સમજાવ્યા છે. આહારશુદ્ધિનું એ કાર્ય સતત જારી જ છે.

પ. પૂ. મા સાથેની આ યાત્રા આવું અને બીજું કેટલુંય ભાથું ધરતી ગઈ. પૃથ્વીના આધ્યાત્મિક પટ પર ઝળહળતા સિતારા માફક ઝળકતાં એવા પૂ. મા સાથે અમે બે પળ રહી શક્યા, બે ડગ માંડી શક્યા એનો અમને અનહદ આનંદ હતો. સમયના પ્રવાહે લુપ્ત ન થાય તેવી સુમધુર સ્મૃતિઓ સહ અમે પાછા ફર્યા, ત્યારે મન આભારવશ કહેતું હતું–જય કૃપાળુ મા!!! □

મા અને બાળકો

દમયંતી એસ. ભક્ત

[જીવનમાં અનેક લીલી–સૂકી જોઈ ચૂકેલાં શ્રી દમયંતીબેન ભક્ત પૂ. મા પ્રત્યે સમર્પિત ભાવ ધરાવે છે. એના પરિણામે એમને પૂ. માની ઘણીવાર સેવા અને સાન્નિધ્ય મળતું રહે છે. એ નાતે જ આ યાત્રામાં જે બે વડીલ બહેનો પસંદગી પામ્યાં–તેમાં તેમનું નામ પણ સામેલ થયું. યાત્રામાં સતત પૂ. મા સાથે રહેવાનું બનતું હોવાથી પૂ. માના ભાવો હરપ્રસંગે કેવા છે, તેની જાણકારી તેમને બીજાઓ કરતાં વધારે હોય તે સ્વાભાવિક છે. વળી તેઓ પાસે પણ ભાવપૂર્ણ હૈયું ને તેને અભિવ્યક્ત કરતી કલમ પણ છે. એટલે આ યાત્રાના પ્રારંભથી તેઓએ શું જોયું, અનુભવ્યું તે તેઓના શબ્દોમાં જ જોઈએ. **–તંત્રી**]

આ યાત્રાનું પ્રયોજન? પૂ. શ્રી માના અંતરે વ્હેતુ પ્રેમ-ઝરણું–કુટિયાનું રંગકામ–બાળકો–પૂ. શ્રી માની કરુણા–શું?

શ્રી સ્વર્ગારોહણ તીર્થમાં પૂ. શ્રી મા બિરાજમાન હતાં. બોર્ડ-ની પરીક્ષાથી નિવૃત્ત થયેલા બાળકો પૂ. શ્રી માની સંન્નિધિ સત્સંગ માટે ત્યાં આવ્યા હતા. અંબાજીમાં ધૂનનો કાર્યક્રમ પૂ. શ્રી માએ યોજ્યો હતો. બાળકો સહિત સૌ ધૂનની મસ્તી માણી રહ્યા હતા. છતાં બાળકોને પ્રવૃત્તિ ગમે. જેથી પૂ. શ્રી માએ બાળકોને કુટિયાને રંગ કરવાનું કામ આપ્યું. બાળકો ખુશખુશાલ થઈ ગયા! આ કાર્ય રાતના સમયે કરતા બાળકોને કામ કરતાં પૂ. શ્રી મા જુએ અને વચ્ચે વચ્ચે કરુણા અને વાત્સલ્યથી પ્રેરાઈ કોઈને

પણ પ્રસાદ લઇ તેઓને આપવા મોકલે. બાળકો આનંદથી પ્રસાદ લે. અને વળી પાછા કામે લાગે–બીજા પ્રસાદની અપેક્ષા સાથે. કદીક ફળો, તો કદીક બિસ્કીટ ચોકલેટ, તો કદીક સૂકો મેવો. પરંતુ પૂ. માને આટલું જ આપ્યાથી સંતોષ થોડો વળે? એમનાં નયન-કમળો જોયાં હોય તો બાળકો માટે કેવો ધોધમાર પ્રેમ વરસતો હતો તે દેખાય. શું આપી દઉં? આ બાળકોને અંગે પૂ. માના આ વિચાર- માંથી આ યાત્રાની યોજના બની.

નૈનિતાલ–અલ્મોડાની આ યાત્રામાં મહત્ત્વ પૂ. શ્રી માનાં બાળકોને જ અપાતું–એમાં અમે પણ માના બાળકો જ હતાં, પરંતુ વિશેષ પ્રમાણમાં નાના બાળકોને આનંદ કરાવતાં. કેવું સંસ્કાર સિંચન પૂ. શ્રી માએ કર્યું, તે થોડાક અંશે જે પણ જોયું તે લખવા પ્રયાસ કરી રહી છું. કેવો નિર્મલ પ્રેમ પ્રાપ્ત કર્યો આ બાળકોએ, એનો આનંદ કેવો લૂંટયો આ બાળકોએ, એ વાત માત્ર માણવાની જ હતી. કોઇ કલમની તાકાત નથી એને વર્ણવવાની. આ કલમે માત્ર પ્રણામ જ કર્યા છે. એ પ્રેમમયીના ચરણકમળે.

યાત્રાનો આરંભ હરિદ્વારની પ્રાર્થનાથી થયો. પ્રસાદ પૂ. શ્રી માના હાથે. પ્રથમ ઉંમરે ૨૫ થી નાના બાળકોને આપવામાં આવે છે. આ ક્રમ આખી યાત્રા દરમ્યાન જલવાયેલો રહ્યો. મોટા ભાગના બાળકો સૌરાષ્ટ્રનાં હોય છે. જેઓ દૃષ્ટીએ વહેલી સવારે આવી જાય છે. આવીને સીધું તેઓ શ્રી ગંગાજીમાં સ્નાન કરવા જાય છે. જયકૃપાળુ માના નાદ સાથે સૌ બાવની બોલતા બોલતા સ્નાન કરતાં હોય છે. પૂ. શ્રી મા તેમના રૂમમાંથી તે સાંભળે છે. હું પૂ. શ્રી માનાં રૂમમાં હતી. પૂ. શ્રી મા એકદમ પ્રસન્ન થતાં મને પૂછે છે? રાજકોટ આવી ગયું? હા. બાળકોના અવાજ માત્રથી પૂ. શ્રી મા પ્રસન્ન થઇ ગયાં. મને કહ્યું "પ્રણામ નીચે હોલમાં કરી

સૌને ઉપર લઇ આવો." સૌ પ્રણામ–પ્રાર્થના–બાવની–મંત્રગાન કરી પૂ. શ્રી માનાં દર્શન વંદન માટે આવે છે. બાળકો પૂ. શ્રી માના ચરણે પ્રસન્ન ચહેરે બેઠા છે. તે જોઇ પૂ. શ્રી મા પણ સૌને હસતા મુખારવિન્દે મળે છે. સત્યપથથી હરિદ્વારસુધીની યાત્રાના કુશળ પૂછી લીધા તે દરમ્યાન શું શું કર્યું એ પણ પૂછી લીધું–ટકોર કરવા જેવી લાગી ત્યાં ટકોર પણ કરી લીધી. પૂ. શ્રી માઃ–બાળકોને ખૂબ જ આનંદ કરાવે છે. બાળકો હોય, પૂ. શ્રી મા હોય, ત્યાં પ્રસાદ તો હોય જ. પ્રસાદ આપતાં પૂ. શ્રી મા હરખાય અને લેતાં બાળકો નાચી ઊઠે. પૂ. શ્રી મા બાળકોને કાર્યરત રાખે છે. બપોરે ધૂન હતી. રાતે સત્સંગ–યાત્રા દરમ્યાન જે જે સૂચનો કરવાનાં હતાં, જે જે શરતો પાળવાની હતી તે પૂ. શ્રી માએ સૌ બાળકોને પૂછી મંજૂરી લઇ લીધી. બાળકોએ એકી અવાજે પૂ. શ્રી માની દરેક શરતો સ્વીકારી લીધી. પૂ. શ્રી મા પ્રસન્ન છે. બાળકો પૂ. શ્રી માના સાન્નિધ્યનો આનંદ લૂંટી રહ્યા છે. વડીલોને પણ સૂચનાઓ અપાઇ હતી, વડીલોએ કોઇ બાળકો પાસે કામ ન કરાવવું. દરેક પોતપોતાનું કામ જાતે જ કરે. પૂ. શ્રી મા બાળકોની વિશેષ કાળજી લે છે. લોહીની સગાઇને નાતે પણ કોઇએ બાળકોની સેવા ન લેવી–કોણે ક્યાં કામ કરવા તેની વહેંચણી પણ થઇ ગઇ. વળી એમ પણ પૂછી લીધું કે ભૂખ્યા રહી શકશો? રસ્તા ઉપર સૂવાની તૈયારી છે? સૌ બાળકોએ સંમતિસૂચક હા કહી અને પ્રાર્થના–બાવની–ધૂન સંકીર્તન સાથે અમારી બાળકોની યાત્રા પ્રારંભ પામી. પૂ. શ્રી માના હસ્તે મળેલા પ્રસાદથી.

હિમાલયની સુંદરતા વચ્ચે તાતાસૂમો ગાડીમાં પૂ. શ્રી મા યાત્રા કરી રહ્યાં હતાં. અમે સૌ બસમાં હતાં. બસ–પાછળ પૂ. શ્રી માની ગાડી હોય છે. જેથી વળાંકવાળા રસ્તાઓમાં બાળકો પૂ. શ્રી માના

દર્શન કરતાં ધૂન, સંકીર્તન સાથે જસપુર આવી પહોંચે છે. બસમાં સૌ બાળકો ઊંઘ્યા વગર પૂ. શ્રી માના દર્શન કરતાં ધૂન સંકીર્તન નૃત્ય સાથે કરી રહ્યા છે. આનંદ છે. ત્યાં બસનો પાટો તૂટે છે. અને પૂ. શ્રી મા અતિ કૃપાળુ બની સૌ બાળકોને થેપલાનો નાસ્તો વિગેરે કરવા કહે છે. સૌ બાળકો જ્યાં પૂ. શ્રી માની ગાડી ઊભી રહી કે ફરતે ઊભા રહી જ ગયા છે. અને પૂ. શ્રી મા એમનો સઘળો શ્રમ ભૂલી હસી–હસાવે છે. અને અહીં ગુરુદ્વારા હોય છે જ્યાં પ્રાર્થના ધૂન સંકીર્તન થઈ જાય છે.

સન્માનપૂર્વક અમને સૌને પ્રસાદ પણ મળે છે. પૂ. શ્રી મા સહિત અમે સૌ કોર્બેટ નેશનલ પાર્કના મુખ્ય રસ્તા ઉપર પહોંચીએ છીએ. અંદરના રસ્તે બસ નથી જતી. તેથી જંગલમાં સૌ બાળકો જીપ્સીમાં સામાન સાથે ક્રમે ક્રમે આવે છે. પૂ. શ્રી માની ગાડી જંગલના કાચા રસ્તે આગળ પહોંચી જાય છે. પૂ. શ્રી મા અંદર રૂમમાં આરામ નથી કરતાં. જ્યાંસુધી સગળા બાળકો ના આવ્યા ત્યાંસુધી પૂ. શ્રી મા બહાર સૌ બાળકોની રાહ જોતાં બેસે છે. કેવો ઊંચાઇ પર પહોંચેલો એ પ્રેમ હશે! પ્રણામ. (ક્રમશઃ)

સુધારો

જુલાઇ–૨૦૦૦ ના અધ્યાત્મના અંકના પાના નં. ૫૯ માં જે 'નિશ્ચિતતા'નું કાવ્ય અને તે કેવી રીતે લખાયું–તેના લેખક પૂ. યોગેશ્વરજી નહિ પરંતુ મા સર્વેશ્વરી છે. જે જાણવું. તે ભૂલ બદલ અમો દિલગીર છીએ.

— તંત્રી

સવાલ પૂછે જીવ–જવાબ આપે શિવ

યોગેશ્વરજી

(પૂ. યોગેશ્વરજીએ ભારતીય દર્શનશાસ્ત્રના ૧૦૦ જેટલા પુસ્તકો લખ્યાં. પ્રત્યેક પુસ્તકમાં સાધકરૂપી જીવની મથામણોનો જવાબ શિવ એટલે કે પ્રભુ યોગેશ્વરજીએ આપેલ છે. કેટલાક પુસ્તકો તો પ્રશ્નોત્તરીરૂપે પ્રકાશિત થયાં છે. આ પુસ્તકોમાંથી સંકલન કરીને આધ્યાત્મિક માર્ગે આગળ ધપનારા માટે પ્રશ્નોત્તરીરૂપે 'સવાલ પૂછે જીવ–જવાબ આપે શિવ'ની લેખમાળામાં કંઇક ને કંઇક અમૃત પીરસવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.

સંકલન : ડો. બી. જે. જાગાણી)

પ્રશ્ન : જીવનનું સર્વોત્તમ ધ્યેય શું?

ઉત્તર : ઈશ્વરને માટેના પરમ પ્રેમની પ્રાપ્તિ ને તે દ્વારા ઈશ્વરના દિવ્યરૂપનું દર્શન એ જ માનવનું–તેમાંયે સાધકના જીવનનું સર્વોત્તમ ધ્યેય છે. આ ધ્યેયની સદાય સ્મૃતિ રાખી તેની પૂર્તિ માટે પુરુષાર્થ કરવામાં જ સાધકનો આનંદ ને સાધનાની સફળતાનો મર્મ સમાયેલો છે. આ વાત જીવનની પ્રત્યેક ક્ષણે યાદ રહે તે જરૂરી છે. તેથી સંસારના પ્રલોભન તેમ જ વિરોધી વાતાવરણ વચ્ચે માનવ સુરક્ષિત રહેશે ને જીવનની સાચી વિકાસદશામાં વળવા કટિબદ્ધ બનશે. પણ એનો અર્થ એમ નથી કે જીવનના વિકાસ ધ્યેયની યાદમાં જ સાધકનું સર્વસ્વ સમાઇ જાય છે. ધ્યેયની સ્મૃતિ એક ઉત્તમ વસ્તુ છે, પણ તેટલાથી જ કાંઇ અંતિમ હેતુ સરશે નહીં. ધ્યેયને પરિપૂર્ણ કરવાના પ્રયાસનું મહત્ત્વ સૌથી

વિશેષ છે. ને સાધકે તેને જીવનમાં ઊતારવા સતત પુરુષાર્થ કરવો જોઈએ. ધ્યેયની સતત સ્મૃતિ ને તે સાથે અવિરત પુરુષાર્થ જીવનની સાધનાત્મક સફળતાના મહત્ત્વના મુદ્દા છે.

પ્રશ્ન : એ ધ્યેયની સિદ્ધિમાં શાસ્ત્રાધ્યયનની આવશ્યકતા કેટલી?

ઉત્તર : શાસ્ત્રોના અધ્યયનની આવશ્યકતા છે ખરી, પણ મર્યાદિત રૂપમાં. ખરી આવશ્યકતા તો અનુભૂતિ કે પ્રત્યક્ષ અનુભવની છે, એ વાત સાધકે યાદ રાખવી જોઈએ. આ વાત યાદ રહેવાથી અનુભવનો આનંદ લેવા માટે સાધકનું દિલ સદાય તલસ્યા કરશે, ને પૂર્ણ અનુભવ મેળવીને જ સાધક અટકશે. તે સમજશે કે ઘણું જાણવું, ઘણાનું ચિંતન કે મનન કરવું એ જ કાંઈ જીવનનું ધ્યેય નથી. જે જાણવામાં આવે કે મનન કરવામાં આવે તેનો જીવનમાં અનુવાદ કરવામાં આવે તે જ જરૂરી છે, ને શાંતિનું મૂળ પણ તેમાં જ રહેલું છે. એટલે નીતિમય જીવનનું મહત્ત્વ ને ઈશ્વરપ્રાપ્તિની જરૂર અથવા આત્મિક વિકાસની આવશ્યકતા સમજનારે તેટલાથી જ અટકવાને બદલે નીતિમાન બની ને ઈશ્વરપ્રાપ્તિ કરી આત્મિક વિકાસની પરિસીમાએ પહોંચવું જોઈએ. તો જ તેને પૂર્ણ શાંતિ મળી શકે.

પ્રશ્ન : જીવનની ઉચ્ચતા માટે બીજું શું યાદ રાખવા જેવું છે?

ઉત્તર : કેટલાક માણસો માને છે કે અમુક રીતે વર્તવું સારું છે ને બીજી રીતે વર્તવું ખોટું છે. છતાં ખોટાનો ત્યાગ કરી સારાને સાચા માર્ગે તે પગલાં ભરી શકતા નથી, તેનું મુખ્ય કારણ નબળું મનોબળ છે. પોતાનો આત્મા કે સત્ય, શું કહે છે તેને પ્રથમ સ્થાન આપવાને બદલે લોકો શું કહે છે ને કહેશે તેને જ તેઓ મહત્ત્વનું

માને છે. તેથી સારા માર્ગનો કેટલીય વાર લોકલાજને નામે તે ત્યાગ કરી દે છે. બીજું કારણ સત્ય વસ્તુને માટે જે ભોગ આપવો પડે છે, તે આપવાની શક્તિનો અભાવ છે. આ અશક્તિને લીધે સત્ય વસ્તુને માટે જ્યારે ભોગ આપવાનો વખત આવે છે ત્યારે તેમનું મન ડગી જાય છે, ને છેવટે સત્યમાર્ગથી ચલિત પણ થાય છે. આ બે ખામીને લીધે જ સત્યનો ઉપદેશ કે પ્રચાર કરે છે, તેવા માણસો પણ ઘણીવાર અસત્યમાં જ રમતા દેખાય છે, ને સત્યના આચરણનો આનંદ લઈ શકતા નથી. પણ આત્મિક પંથના પ્રવાસીએ આ ખામીથી મુક્ત થયે જ છૂટકો છે. તે વિના સાધનાની સિદ્ધિનો આનંદ મળવો તદ્દન અસંભવ છે—સાધનાની સિદ્ધિ તો શું પણ સાધનાનો સાધારણ આનંદ પણ પ્રાપ્ત થવો મુશ્કેલ છે.

પ્રશ્ન : જ્ઞાનની પ્રાપ્તિ કઈ રીતે કરી શકાય?

ઉત્તર : એક માર્ગ છે. ગ્રંથદ્વારા—શ્રવણ ને મનનનો ને તે દ્વારા જ્ઞાનની પ્રાપ્તિનો. બીજો માર્ગ તેથી જુદો છે. માણસ સમજી લે છે કે પરમાત્મા શરીરમાં રહ્યા છે, એટલે તેમને મેળવવા તે ધ્યાનાદિ કરે છે. તેમ કરી અંતે પરમાત્માને મેળવી લે છે. આટલું થાય એટલે પરમાત્મા સંબંધી બધું જ જ્ઞાન માણસને આપોઆપ મળી જાય છે. જે ભક્ત છે તે પ્રભુને મેળવવા રડે છે. પ્રાર્થે છે, ને પ્રભુનું દર્શન પામે છે. આ પછી પ્રભુ પોતે જ પોતાનું જ્ઞાન તેને આપી દે છે, તે પ્રભુ તેમ જ તેનું જ્ઞાન બંનેને મેળવી લે છે. જ્યારે પહેલા માર્ગમાં માણસ કેવલ બાહ્યજ્ઞાનમાં ગૂંચવાઈ જાય એવું વધારે બને છે. માટે રમણ મહર્ષિ ને રામકૃષ્ણદેવની જેમ પહેલાં આત્મદર્શન કે ઈશ્વરદર્શન કરો. જ્ઞાન તો પછી આપમેળે

આવશે. ઈશ્વર છે. તેની પ્રાપ્તિ શક્ય છે, ને અમુક રીતે તે પ્રાપ્ત થાય છે. એટલું જ્ઞાન જ માણસ માટે પૂરતું છે. ઈશ્વરપ્રાપ્તિ પછી બીજું જ્ઞાન આપોઆપ મળી રહેશે.

પ્રશ્ન : એક જ જન્મમાં મુક્તિ મળી શકે કે અનેક જન્મમાં? મને લાગે છે કે અનેક જન્મમાં ધીરે ધીરે વિકાસ કરવાથી મળતી હશે.

ઉત્તર : એ બરાબર છે કે વિકાસ કરવાથી જ મુક્તિ મળે છે. પરંતુ તે એક જન્મમાં કે અનેક જન્મમાં થશે તે તમારા પર આધાર રાખે છે. ધોળકા સરોડા ગામથી ૧૨ કિ. મી. દૂર કહેવાય. પણ ધીમે ધીમે ચાલો તો સાંજ સુધીમાં માંડ પહોંચી શકો. પરંતુ સારી પેઠે ચાલવા માંડો તો ત્રણ કલાક તો પૂરતા થઈ પડે! એવી જ રીતે મુક્તિનું છે. જો ધર્મ ને નીતિથી ચાલો, ને ખંતથી પુરુષાર્થ કરો તો એક જન્મમાં પણ મુક્તિ કે પૂર્ણતા મેળવી શકો, ને તેમ ના કરો ને ઊલટું અધર્મપરાયણ બનો તો અથવા ધીમો વિકાસ કરો તો અનેકાનેક જન્મો લાગી જાય. એટલે તો કહ્યું છે કે **तद्दूरे तदिन्तिके!** એટલે કે તે દૂર પણ છે ને પાસે પણ છે. સજ્જન સાધકને માટે પાસે છે ને દુર્જનને માટે દૂર. પુરુષાર્થીને પાસે ને પ્રમાદીને દૂર. એવી રીતે તેનો ભાવાર્થ સમજવો.

પ્રશ્ન : અમારે સુધારક થવું છે તો કેટલીક સલાહ આપવા કૃપા કરો.

ઉત્તર : હું શું સલાહ આપું? તમારી જાતે જ્યાં લગી સલાહ નહીં મેળવો ત્યાં લગી સાચા સુધારક થઈ શકશો નહીં. પહેલાં તમારી જાતને સુધારો. તમારા દુર્ગુણોને દૂર કરો. અહંતા, મમતા, રાગદ્વેષ એ બધાથી મુક્ત બનો. તે પછી બીજાને આપવાનું તમારી

પાસે શું છે તે નક્કી કરો. તે પછી જ જે કંઈ હોય તે માન, પ્રતિષ્ઠા કે લક્ષ્મીની લાલચવિના કેવળ ઈશ્વરના હાથમાં હથિયાર બનીને બીજાનો સુધાર કરવાનો પ્રયાસ કરો. તો તે સારી રીતે સફળ થઈ શકશે ને શોભશે. તમે સુધારક ના બનો તેમ હું ઈચ્છતો નથી. પણ સુધારો તમારી અંદરથી જ શરૂ થવો જોઈએ. એટલું જ મારે કહેવાનું છે. સૌથી પહેલી ને મહત્ત્વની સલાહ આ છે. બીજી સલાહ તે પછી જ આપી શકાય તેમ છે.

(ક્રમશઃ)

સંસારની આસક્તિનો અંત કેવી રીતે આવે?

ઈશ્વરની ભક્તિની જાગૃતિ અને અભિવૃદ્ધિ થવાથી. એ ઉપરાંત સંસારની વિનાશશીલતાનો વારંવાર વિચાર કરવાથી.

યોગેશ્વરજી

ધ. : ૪૬૩૪૩૧ ઓ. : ૩૬૨૪૩૭
: ૪૮૦૪૨૮ : ૩૬૦૩૭૬

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ

૧/W, ભક્તિનગર ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, રાજકોટ–૩૬૦૦૦૨

રામકથા

(ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

રામે લોકાપવાદની હકીકત કહી સંભળાવી, એટલે સીતાએ પૂછ્યું : 'તો પછી એનો અર્થ એવો છે કે તે માટે મારી પવિત્રતા-ને બતાવી આપવા માટે બીજીવારની અગ્નિપરીક્ષામાંથી પસાર થવું?'

'એ તો મારાથી કેવી રીતે કહી શકાય? છતાં પણ એટલું તો ચોક્કસ છે અથવા આવશ્યક છે કે આપણે કશુંક કરવું તો જોઈએ જ. પ્રજાની રહીસહી આશંકા તથા સંશયવૃત્તિને શાંત કરવા માટે આપણે જરૂરી ભોગ આપતાં હસતાં હસતાં તૈયાર થવું જોઈએ. પછી એ ભોગ આપણી ગમે તેવી તે ગમે તેટલા કસોટી કરનારો કે ગમે તેવી આપત્તિ આણનારો હોય.'

'તમારા ભાવ અને વિચાર સાથે હું સંમત છું. ફક્ત મારે શું કરવાનું છે તે મને કહી દો, એટલે તમારા આદેશનો અમલ કરીશ.'

'એમ કરતાં દુઃખ ભોગવવું પડશે તો?'

'તોપણ શું? મારા જીવનમાં મેં દુઃખ ભોગવવામાં બાકી નથી રાખ્યું. દુઃખથી હું ટેવાઈ ગઈ છું. હજુ પણ થોડું કે વધારે દુઃખ ભોગવવાનું અનિવાર્ય હશે તો તેને પણ તમારો કે વિધાતાનો પ્રસાદ માનીને શાંતિપૂર્વક ભોગવી લઈશ. હું તમારી છું એટલે તમારો યશ વધારવા અને તમારા મહિમાને અકબંધ રાખવા

બનતું બધું જ કરી છૂટીશ. તમારા કરતાં ને તમારી ઇચ્છાના અમલ કરતાં વધારે પ્રિય કે કીમતી મારે મન કશું જ નથી.'

રામે થોડીવાર વિચારીને કહ્યું : 'પ્રજાના પાલક, નાયક કે નેતાનું જીવન લોકાપવાદથી રહિત અને વિશુદ્ધ અથવા નિષ્કલંક જોઈએ. તો જ એ પ્રજાને માટે પ્રેરક બની શકે. મારું એ દૃષ્ટિબિંદુ તો તું સહેલાઈથી સમજી શકીશ.'

'હા. સમજી શકું છું.'

'અને એ પણ સમજી શકીશ કે એણે લોકાપવાદથી રહિત થવા માટે ને પ્રજાની આગળ સર્વોત્તમ આદર્શની સ્થાપના માટે પોતાનાથી બનતું બધું જ કરી છૂટવું જોઈએ, તો જ એ પ્રજાનો પરિપૂર્ણ પ્રેમ અને વિશ્વાસ સંપાદન કરી શકે.'

'એ પણ સમજી શકું છું.'

'એવા આદર્શની પ્રતિષ્ઠા માટે કોઈવાર પોતાના પ્રિય પદાર્થનું, સ્વજનનું કે જીવનનું બલિદાન પણ દેવું પડે.'

'એ પણ સ્વાભાવિક અને સહેજે સમજી શકાય તેવું છે.'

'તો તે દેવા માટે તૈયાર રહેવું જોઈએ. એવે વખતે પોતાના અંગત લાભાલાભ કે ગમા–અણગમાનો વિચાર કરીને પ્રજાહિત-ના કર્તવ્યના અનુષ્ઠાનમાં પ્રમાદ ન કરવો જોઈએ.'

'બરાબર છે.'

'એટલા માટે જ કહ્યું છે કે રાજ્ય ચલાવવાની જવાબદારી કાંઈ નાનીસૂની નથી. રાજ્યશાસન એક કાંટાળો તાજ છે. એને બહુ સંભાળીને પહેરવો પડે છે. જે પોતાની જ સુખ શાંતિ તથા સગવડનો વિચાર કરીને, એ જ મહત્ત્વની માનીને, પ્રજાની પરવા કર્યા વિના બેસી રહે છે એ આદર્શ રાજા નથી થઈ શકતો.'

'તમારી એ વાત સાચી છે. એની સાથે હું સંમત થાઉં છું.' સીતાએ જણાવ્યું.

રામે કહ્યું : 'તું તદ્દન પવિત્ર ને નિષ્કલંક છે. અગ્નિ-પરીક્ષાદ્વારા તારી મારા પ્રત્યેની પ્રીતિ ને પવિત્રતા પુરવાર પણ થઈ ચૂકી છે. છતાં પણ પ્રજાના એક વર્ગમાં એને માટે આશંકા ઊભી થઈ છે.'

'આશંકા?'

'હા.'

રામે ગુપ્તચરોદ્વારા પ્રાપ્ત થયેલા ને બીજી રીતે સાંભળેલા સઘળા સમાચાર કહી બતાવ્યા.

એ સાંભળીને સીતાના વદન પર વિષાદ છવાઈ ગયો.

એની છાતી ધડકવા લાગી.

પોતાની જાતને સંભાળી લઈને એ બોલી : 'મારું જીવન કેટલું બધું નિર્મળ રહ્યું છે તે તમે જાણો છો. રાવણને ત્યાં મારી ઇચ્છાની ઉપરવટ થઈને રહેવું પડયું તોપણ હું એકદમ નિષ્કલંક રહી શકી છું. છતાં પણ મારા સંબંધી એવી આશંકા કરાતી હોય તો તેને કાયમ માટે દૂર કરવા તમે કહો તે કરવા તૈયાર છું.'

'મેં વિચાર્યું છે કે લોકાપવાદને શાંત કરવા આપણે થોડા વખતને માટે છૂટાં પડીએ ને સૌને આપણી કામ રહિતતા તથા સાચી પ્રીતિ બતાવી આપીએ. લોકો તો મને પણ કામી કહે છે. એ કહે છે, કે રામ કામાંધ છે એટલે જ એમણે રાવણને ત્યાં રહી આવેલી સીતાને ઘરમાં રાખી. અલબત્ત, એવું કહેનારા લોકો પ્રમાણમાં ઓછા છે, તો પણ એમની ઉપેક્ષા ન કરી શકાય.

આદર્શ રાજ્યમાં પ્રજાના અલ્પ મતની પણ અવગણના ન કરાવી જોઈએ. અલ્પસંખ્યક પ્રજાને પણ સંતુષ્ટ રાખવાનો પ્રયાસ કરવો જોઈએ. તારાથી છૂટા પડતાં મને દુઃખ તો થશે જ અને અત્યંત અસહ્ય દુઃખ થશે. તને પણ મારા વિયોગનું દુઃખ થશે. એ દુઃખનો અનુભવ થોડા વખત પહેલાં જ આપણે કરી ચૂક્યાં છીએ. એટલે એ કેટલું બધું દારૂણ હશે તેની કલ્પના સહેજે કરી શકાય છે. છતાં પણ એને આપણે સ્મિત સાથે સત્કારવું પડશે. બીજો કોઈ માર્ગ જ મને નથી દેખાતો.'

રામે સીતાને પોતાની યોજના કહી બતાવી એટલે સીતાની વેદના વધી ગઈ. એ બોલી : 'તમારા વિયોગની વ્યથા મને તો સાલશે જ પરંતુ સાથે સાથે એ વ્યથા તમારે માટે પણ મરણતોલ થઈ પડશે. તે છતાં પણ તમે મારો ત્યાગ કરવા અને એવી રીતે લોકોમાં એક અદ્‌ભુત આદર્શની સ્થાપના કરવા તૈયાર થયા છો તો હું તમારી વચ્ચે નહિ આવું. હું તમારી આજ્ઞાનું પાલન કરીશ. મને ખાતરી છે કે, આખરે સત્યનો જ વિજય થશે. આપણે આ નવી અગ્નિપરીક્ષામાંથી પણ સહીસલામત રીતે પાર ઉતરીશું, અને એક ધન્ય દિવસે પાછાં મળીશું પણ ખરાં. લંકામાં પેલી અગ્નિપરીક્ષામાંથી પસાર થઈ ત્યારે શી ખબર હતી કે હજુ એક બીજી અગ્નિપરીક્ષા મારી રાહ જોતી ઊભી રહી છે! આ અગ્નિપરીક્ષા તો વધારે આકરી છે. આવી ખબર હોત તો હું એનો વિચાર જ ન કરત.'

રામે ગળગળા થઈને કહ્યું : 'મને પણ એનું દુઃખ છે, પરંતુ એ દુઃખને હસતાં હસતાં પી જવું પડશે. એના સિવાય છૂટકો જ નથી. તું મને સૌથી વિશેષ પ્રિય છે છતાં તારે માટે જ આવો

નિર્ણય લેવો પડે છે એ ભારે દુઃખદ છે. આ લોકાપવાદ એવો છે કે, જે સાધારણ અગ્નિપરીક્ષાથી નહિ મટે. એને માટે આવી આકરી અગ્નિપરીક્ષામાંથી જ પસાર થવું પડશે–તારે ને મારે બંનેને.'

'તમે મારા ત્યાગને સહી શકશો?'

રામની આંખમાં આંસુ આવી ગયાં.

'સહી શકીશ એવું તો કેવી રીતે કહું? પરંતુ સહેવાની કોશિશ જરૂર કરીશ. એવી કોશિશ કરવી પડશે, કેમ કે એ ત્યાગ અનિવાર્ય છે. બીજાના હિતને માટે કરવાનો છે.'

સીતા બોલી : 'મારાથી પણ તમારો વિરહ નહિ સહી શકાય એ તમે જાણો જ છો. છતાં તમારી ઇચ્છાની વિરુદ્ધ જઈને કશું પણ નહિ કરું.' (ક્રમશઃ)

લવાજમ અંગે

અધ્યાત્મ માસિક પૂ. મા–પ્રભુની કૃપાથી ઓક્ટોબર–૨૦૦૦ થી ૨૨ મા વર્ષમાં પ્રવેશ કરશે. તો જે ધ્યાનકેન્દ્રો અથવા વ્યક્તિઓ વર્ષના પ્રારંભમાં વાર્ષિક લવાજમ ભરતાં હોય તેઓએ તેઓનું લવાજમ રૂ. ૨૫/– સપ્ટેમ્બર–૨૦૦૦ પૂરો થતાં પહેલાં ભરી દેવા વિનંતિ છે. લવાજમ તંત્રીને ડ્રાફ્ટ કે મનીઓર્ડરથી મોકલી શકાય. ચેક સ્વીકારવામાં આવતા નથી.

— તંત્રી

* તમે જાગો *

સદ્‌ગુરુઓ પર દેશ અને કાળનું શાસન ચાલતું નથી. એ સાચા અર્થમાં સર્વથા મુક્ત હોય છે. એટલે સદ્‌ગુરુસાથે સીધો સંપર્ક રાખીએ. એમની પાસેથી મંગલ માર્ગદર્શન અને શુભાશીર્વાદ માગીએ. એમનો પરાત્પર પ્રકાશ આપણા જીવનપથને જ્યોતિર્મય બનાવે એવું પ્રાર્થીએ. આપણા અ-લૌકિક આત્મદેવને પણ કહીએ કે આત્મદેવ જાગો. સુદીર્ઘ સમયથી શાંત બેસી રહ્યા છો. અવિદ્યાનો અનુભવ કરી રહ્યા છો. તો જાગો. જાગ્યા નથી, તમારા સચ્ચિદાનંદ સ્વરૂપમાં સ્થિત થયા નથી, માટે જ કષ્ટ છે, ક્લેશ છે, દુઃખ છે, બંધન છે, અશાંતિ છે, અવિદ્યા છે. તમે જાગશો, સ્વરૂપાનુભવ કરશો અને સ્વરૂપની સ્થિતિ કરશો એટલે સર્વપ્રકારે સંપૂર્ણપણે સનાતન સમયને સારુ સુખી થશો, શાંત બનશો, આનંદના અલૌકિક, અક્ષય અર્ણવમાં અવ-ગાહન કરશો. કૃતાર્થ થશો. સ્વરાજનો, સાચા આત્મિક સામ્રાજ્યનો, ઉપભોગ કરશો. તમે જાગ્યા નથી ત્યાંસુધી જ પ્રતિકૂળ પરિબળો તમારાપર આક્રમણ કરે છે ને તમને અસ્વસ્થ બનાવે છે. તમે જાગશો એટલે એમનું કશું નહીં ચાલે. તમારા જાગવાથી બધા જ દેવો જાગી ઊઠશે. જીવન જ્યોતિર્મય તથા કલ્યાણકારક બનશે. તમારી સુષુપ્ત શક્તિને જાગ્રત કરો. આત્મિક સ્વતંત્રતા તમારો જન્મજાત અધિ-કાર છે. તમે પોતે શાંતિસ્વરૂપ, આનંદસ્વરૂપ, પરમસુખ-સ્વરૂપ, શુદ્ધ, બુદ્ધ, મુક્ત છો.

યોગેશ્વરજી

ADHYATMA * Regd.No.GBV 113 * R.N.I.No.71957/99

* ભક્તિના બે પ્રકાર *

ભક્તિના બે પ્રકારો છે : સકામ અને નિષ્કામ. સંસારના સઘળા પદાર્થો પરિવર્તનશીલ છે અને તેઓ સાચું સુખ નથી આપી શકતા; સાચું શાશ્વત સુખ તો કેવળ ભગવાનને ભજવાથી અને ભગવાનના સાક્ષાત્કારથી જ સાંપડે છે; એવું સમજીને જે ભક્તિ કેવળ ભગવાનને માટે, ભગવાનના દર્શનની ઈચ્છાથી, અથવા માનવસહજ સ્વધર્મ સમજીને થાય તે ભક્તિને નિષ્કામ ભક્તિનું નામ આપવામાં આવે છે, અને એ સિવાયની ભગવાન વિનાના બીજા નાનામોટા લૌકિક કે પારલૌકિક પદાર્થોની, વિષયોપભોગોની કે સિદ્ધિઓની પ્રાપ્તિના મનોરથવાળી ભક્તિને સકામ ભક્તિનું નામ આપવામાં આવે છે. જીવનના સાચા સાફલ્યને માટે સકામ ભક્તિના ક્ષેત્રમાંથી આગળ વધીને નિષ્કામ ભક્તિમાં પ્રવેશવાની આવશ્યકતા છે. ભક્ત નરસી મહેતાએ કહ્યું છે કે 'હરિના જન તો મુક્તિ ન માગે.' તેવી રીતે નિષ્કામ ભક્તોને મુક્તિની ઈચ્છા પણ નથી હોતી. એ તો કેવળ ઈશ્વરને જ ઇચ્છે છે. 'નિત કીર્તન, નિત સેવા ને ઓચ્છવ, નીરખવા નંદકુમાર રે.' એવા ભક્તો ઈશ્વરના સમીપ અનુગ્રહથી જીવન મુક્તાવસ્થાનો આહ્લાદક અનુભવ કરતા હોય છે. એ અમૃતમય બની જાય છે. એમનું પોતાનું જીવન તો ઉત્સવરૂપ બને જ છે પરંતુ એમના સંસર્ગમાં આવનારનું જીવન પણ ઉજ્જ્વળ, મધુમય અને મહોત્સવરૂપ બની જાય છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ–પ્લોટ નં. 1688 બી. સરદારનગર, ભાવનગર–1.